## ★ પ્રાસંગિક વાત ★

*(અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી)*

## ★ દારૂ તબાહી તથા બુરાઈઓનું મૂળ ! ★

*નહ્મદુહુ વનુસલ્લી અલા રસૂલિહિલ્ કરીમ*

**પ્યારા વાંચકો !** દારૂની બુરાઈ કેટલી ભયાનક છે અને એ કઈ રીતે તમામ બુરાઈની જડ છે તે ફકત નીચેની એક રિવાયતથી સમજી શકાશે કે બે ફરિશ્તાઓની દારૂથી શું હાલત થાય છે ?!

હઝરત ઈબ્ને ઉમર (રદિયલ્લાહુ તઆલા અન્હુમા)થી રિવાયત છે કે તેમણે હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ને ફર્માવતાં સાંભળ્યા કે, જ્યારે આદમ (અલૈહિસ્સલામ)ને જમીન પર ઉતારવામાં આવ્યા તો ફરિશ્તાઓએ કહ્યું, હે રબ ! તુ જમીન પર તે શખ્સને પોતાનો ખલીફા બનાવીને મોકલી રહ્યો છે જે ફસાદ કરશે અને ખૂન વહાવશે અને અમે તારી હમ્દની સાથે પાકી બયાન કરીએ છીએ, જેથી અમે આ મન્સબના અધિક હકદાર છીએ. રબ્બે ઝુલ જલાલે ફર્માવ્યું, "બેશક ! જે હું જાણું છું તે તમે નથી જાણતા !" તેમણે અર્ઝ કરી, હે અલ્લાહ ! અમે તારી બની આદમ કરતાં અધિક ફર્માબરદારી કરીએ છીએ. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, તમારામાંથી **બે ફરિશ્તા** આવે તો અમે જોઈએ કે તેઓ કેવો અમલ કરે છે ? તેમણે અર્ઝ કરી કે **હારૂત** તથા **મારૂત** હાજર છે ! રબ તઆલાએ તેમને હુકમ આપ્યો કે, તમે જમીન પર જાવ ! અને અલ્લાહ તઆલાએ 'ઝહરા' તારાને તેમની સમક્ષ હસીનો જમીલ સ્ત્રીના રૂપમાં મોકલ્યો. તે બંને તેને ત્યાં આવ્યા અને તેની સાથે સંભોગની માગણી કરી પણ તેણે ઈન્કાર કરી દીધો અને કહ્યું કે, બખુદા ત્યાં સુધી નહીં જ્યાં સુધી તમે બંને શિર્કનો કલમો ન કહો. તેમણે કહ્યું, બખુદા અમે કદાપિ અલ્લાહ તઆલાના માટે શરીક ઠરાવીશું નહીં.

જેથી તે સ્ત્રી તેમની પાસેથી ઉઠીને ચાલી ગઈ અને જ્યારે પાછી ફરી તો એક બાળકને ઉઠાવીને આવી. તેમણે ફરી તેણીથી એ જ માંગણી કરી, તેમણે કહ્યું કે બખુદા અમે કદાપિ તેને કત્લ કરીશું નહીં. પછી શરાબનો પ્યાલો લઈને આવી તો તેણીને જોઈને ફરી એ જ સવાલ કર્યો. તો સ્ત્રીએ





કહ્યું, બખુદા ત્યાં સુધી નહીં જ્યાં સુધી તમે આ દારૂ ન પી લો ! જેથી બંનેએ દારૂ પી લીધો અને પછી નશાની હાલતમાં તેણી સાથે વ્યભિચાર કર્યો અને તે બાળકનુ પણ ખૂન કર્યું. જ્યારે તેમનો નશો ઉતર્યો તો સ્ત્રીએ કહ્યું કે, બખુદા તમે એવું કોઈ કામ નથી છોડયું જેને કરવાની તમે ના પાડી હતી. છેવટે તેમને દુનિયવી અઝાબ અને આખેરતના અઝાબમાંથી કોઈ એકને અપનાવવાનો હુકમ આપવામાં આવ્યો તો તેમણે દુનિયવી અઝાબને પસંદ કર્યો.

પ્યારા દોસ્તો ! જ્યારે **ફરિશ્તા આજમાઈશમાં પડયા તો દારૂએ જ સર્વ રીતે તબાહ કરી નાખ્યા ! તો પછી વર્તમાનકાળનો માનવ એના ચસકામાં પડીને શું પામવાનો છે ?!** અને આખેરતનો અઝાબ પણ કેટલો ભયાનક છે તેનો અંદાઝો આ હદીષ પરથી કરો :–

હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું કે, **"જેણે દુનિયામાં શરાબ પીધી તેને** અલ્લાહ તઆલા **જહન્નમી સાપોનું ઝહેર પીવડાવશે** જેને પીતાં પહેલાં જ તેના ચહેરાનો ગોશ્ત સડીને વાસણમાં ખરી પડશે ! અને જ્યારે તે એને પીશે તો તેનો ગોશ્ત તથા ચામડી ઉતરી જશે, જેનાથી જહન્નમીઓને તકલીફ થશે ! **શરાબ પીનારા, ગાળનારા, ઉઠાવનારા જેના માટે લાવવામાં આવી તે અને તેની કિંમત ખાનારા તમામે તમામ** ગુનાહમાં સમાન ભાગીદાર છે. અલ્લાહ તઆલા તેમનામાંથી કોઈની નમાઝ, રોઝા અને હજ્જ કબૂલ નથી કરતો જ્યાં સુધી કે તેઓ તૌબા ન કરી લે. વળી જો તેઓ તૌબા કર્યા વિના મૃત્યુ પામ્યા તો અલ્લાહ તઆલા પર હક છે તેમને દારૂના દરેક ઘૂંટના બદલામાં જહન્નમીઓનું પરુ પીવડાવે, યાદ રાખો ! દરેક નશાકારક ચીજ હરામ છે અને **દરેક દારૂ હરામ છે ભલે તે ગમે તે રૂપમાં હોય.**

**ચેતવણી :–** હે મુસલમાનો ! અગર અલ્લાહ વ રસૂલ (અઝ્ઝ વ જલ્લ વ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) પર સાચે જ ઈમાન ધરાવતા હોઉ તો આ બુરાઈથી દૂર ભાગો ! ખુદા ન ખ્વાસ્તા તમારામાં આ બુરાઈ હોય તો આજે જ તૌબા કરી લો. કેટલાક લોકો પોતે નથી પીતા પણ **ધંધામાં ફાયદા માટે** અથવા **ઈલેકશનમાં લાભ મેળવવા માટે દારૂ સપ્લાય કરતા**

**હોય છે !** તેઓ એ કામો બંધ કરે અને તૌબા કરી લે ! કારણ કે દારૂને પીનારા, વહેંચનારા, સપ્લાયર...વગેરે ગુનાહમાં સરખા જ ભાગીદાર હોવાનું ઉપરોકત હદીષમાં દર્શાવ્યું છે તથા તેનો ભયાનક અઝાબ પણ દર્શાવ્યો છે. વધુ માટે કિતાબમાં વાંચી જશો.

## ★ તબાહીનું બીજુ નામ જુગાર ! ★

એ જ પ્રમાણે જુગારની લતમાં ઘણા આપણા ભાઈઓ સપડાયેલા હોય છે. આ દારૂ તથા જુગાર એવી બુરાઈઓ છે કે વસંતની જેમ ખીલી ઉઠેલાં હસીં કિલ્લોલ કરતાં હર્યાભર્યાં કેટલાયે કુટુંબોમાં ઉદાસીનતાની પાનખર અડ્ડો જમાવી લેતી હોય છે. ઘરની શાંતિ જતી રહે છે, ઘરની બરકતો ઉઠી જાય છે અને આવી લતવાળા ચો તરફ હાથ ફેલાવતા થઈને અથવા કોઈને ત્યાં હાથ મારીને, કોઈને છેતરીને પોતાની આદત સંતોષવા માલ મેળવવા મથતા રહે છે અને ઘરમાં તથા બહાર સૌ જગાએ બેઈજ્જત બની હડધૂત થઈને જીવતા હોય છે. **આંકડાનો, લોટરીનો જુગાર પણ એ જ હાલત કરે છે,** એમાંય દુનિયા તથા આખેરત બંને જહાનમાં બેઈજ્જતી જ મળે છે.

**ચેતવણી :–** કેટલાક લોકો ક્રિકેટની રમતોમાં કે અન્ય બાબતે શરત લગાડે છે, તો **આ શરત એ જુગાર જ છે.** અને યાદ રાખશો કે તે ખેલ જેમાં શરત પણ નક્કી નથી હોતી તે પણ મના છે, દા. ત. શતરંજ, તાશ, ચોસર, બાવન પત્તાં...વગેરે સૌ મના છે કેમ કે એમાં એટલા પ્રમાણમાં માણસો તલ્લીન થઈ જાય છે કે ખબર નથી રહેતી કે કેટલો સમય એમાં બર્બાદ ગયો ! અને કેટલા સમયની નમાઝો ગઈ ! તો આ સિવાય પણ જે રમતો પણ **રમવામાં** કે **જોવામાં** આ હાલત થાય છે અને નમાઝથી માણસ ગાફેલ થઈ જાય, તો એ **હરામ** છે. જે રમત અલ્લાહના ઝિક્રથી ગાફેલ કરી દે હરામ થશે. ("અલ્લાહ મેરી તૌબા" કિતાબના હવાલાથી)

વળી આશ્ચર્યની વાત એ છે કે આંકડા–જુગાર જેવા હરામ કામથી કમાવામાં બરકત માટે પણ જાહિલ લોકો બાપુઓને શોધતા હોય છે ! અને કહેવત છે કે 'દુનિયા ઝુકતી હૈ ઝુકાનેવાલા ચાહિયે !' તેમ આ કુર્આન–હદીષથી હરામ ઠરેલ કામમાં પણ પ્રોત્સાહન માટે આંકડા આપતા





બાપુઓ પણ લોકોને મળી જતા હોય છે ! લોકો તેને 'ભરેલુ વાસણ' કહેતા હોય છે ! દોસ્તો ! આ બધી ગુમરાહી છે. જુગાર કેટલી બુરી રમત છે તે માટે આ કિતાબનો અભ્યાસ કરો, પછી વિચારો કે કોઈ નેક બંદો કે અલ્લાહનો વલી એવી બુરી તથા હરામ બાબતથી તમને રોકશે કે તે હરામ રમત રમવા માટે તમને પ્રોત્સાહિત કરશે ?! તમે જાતે જ નક્કી કરો. અને **ખોટા વહેમોને ત્યજી શરીઅતની પાબંદી તરફ લક્ષ કરો** કે તેમાં જ આપણી ભલાઈ છે.

## ★ વાતોવાતોમાં કાફિર થવાથી બચો ! ★

આ કિતાબમાં 'દારૂ–જુગારની ભયાનકતા' કુર્આન તથા હદીષથી વર્ણવી છે જે એક મોમિન દિલને નેક રાહ તરફ દોરી જશે, ઈન્શાઅલ્લાહ ! સાથોસાથ વર્તમાનકાળમાં અજ્ઞાનતામાં લોકો પોતાની જીભેથી ઈસ્લામ વિરૂધ્ધ વાતો કયાંક હોશિયારીના વહેમમાં તો કયાંક મઝાકમાં કે ગુસ્સામાં બકી કાઢીને કુફ્રમાં પડી ઈસ્લામથી બહાર થઈ જાય છે, જેની તેમને ખબર પણ નથી રહેતી ! તો એવી 'કેટલીક કુફ્રી વાણી' પણ છેવટમાં દર્શાવેલી છે, જેનો અભ્યાસ કરીને ખુદા ન ખ્વાસ્તા કોઈથી એવો બકવાસ થઈ ગયો હોય તો તેની ભલાઈ એમાં જ છે કે તૌબા કરે, કલમો પઢે અને તરત નિકાહ દોહરાવી લે. વધુ માટે કિતાબનો ધ્યાનથી અભ્યાસ કરશો. **મુજાહિદે સુન્નિયત, હઝરત મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચણવી સાહબે** (મુદર્રિસ દારૂલ ઉલૂમ નૂરે મોહંમદી–દયાદરા) આ કિતાબ પાછળ જે મહેનત કરી છે તેને મૌલા તઆલા કબૂલ ફર્માવે અને એને હિદાયતનું નૂર સાબિત કરે. આમીન બિજાહિન્નબી કરીમ અલૈહિસ્સલાતુ વત્તસ્લીમ.

***–લિ. પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી***

**તોહફાએ મેઅરાજ**
**યાને નમાઝ** *–હદિયો ૨૦/– રૂા.*

વઝૂ–ગુસ્લ–તયમ્મુમ તથા નમાઝના સવિસ્તાર મસાઈલ દર્શાવતી કિતાબ આજે જ પ્રકાશકના સરનામે M.O. કરી મંગાવો.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
نَحْمَدُهٗ وَنُصَلِّيْ عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ وَاٰلِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِيْنَ

દારૂને અરબીમાં ખમ્ર કહેવામાં આવે છે. ખમ્રનો ડિકશનરી અર્થ ઢાંકવું—સંતાડવું થાય છે. એટલા માટે ઓઢણીને ખેમાર કહેવાય છે કેમ કે તે માથાને ઢાંકી લે છે. દારૂને ખમ્ર એટલા માટે કહેવામાં આવે છે કે તે પીનારાની અક્કલ પર પડદો નાખી દે છે. દારૂનું હરામ હોવું કુરઆન મજીદ તથા હદીષોથી સારી રીતે પુરવાર છે.

હુઝૂરે અકદસ સય્યદે આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો, "જે પણ પીણુ નશો લાવે તે હરામ છે." (મિશ્કાત)

અને એક રિવાયતમાં છે, "બધી નશાવાળી વસ્તુ ખમ્ર (દારૂ) છે, અને બધી નશાવાળી વસ્તુ હરામ છે." (મિશ્કાત) (રવાહ મુસ્લિમ)

દારૂનો સિરકો બનાવવું જાઈઝ છે, અને તે હલાલ તથા પાક છે. આપણા ઈમામ ઈમામુલ અઈમ્મા ઈમામે આઝમ રદિઅલ્લાહો તઆલા અન્હોનું કથન આ જ છે. કારણ કે આ રીતે દારૂની માહિયત (હકીકત) બદલાઈ જાય છે. અને જ્યારે માહિયત બદલાઈ ગઈ તો પછી હુકમ પણ બદલાઈ જશે. હવે કુરઆન શરીફ તથા હદીષોની રોશનીમાં દારૂનો હુકમ અને તેનાં નુકસાનોનું બયાન કરવામાં આવે છે જેથી મુસલમાનો એને વાંચે અને બોધ લે.

## ★ દારૂ કુર્આનની રોશનીમાં ★

يَسْـَٔلُوْنَكَ عَنِ الْخَمْرِ وَالْمَيْسِرِ قُلْ فِيْهِمَآ اِثْمٌ كَبِيْرٌ وَّمَنَافِعُ لِلنَّاسِ
وَاِثْمُهُمَآ اَكْبَرُ مِنْ نَّفْعِهِمَا ۔

**અર્થ** : તમારાથી દારૂ અને જુગારનો હુકમ પૂછે છે, તમે ફરમાવી દો કે બન્નેવમાં મોટો ગુનોહ છે અને લોકોનો થોડો દુનિયાવી ફાયદો પણ. અને એ લોકોનો ગુનોહ એમના નફાથી વધુ છે. (સૂ. બકરહ—૨૧૯)

દારૂની હુરમત (હરામ હોવા) નો હુકમ ઉતર્યા પહેલાં પણ કેટલાક પાક તબીયતવાળા એનાથી બચતા હતા. જેમ કે હઝરત સિદ્દીકે અકબર,





હઝરત ઉસ્માન ગની તથા હઝરત જઅફર તય્યાર રદિઅલ્લાહુ તઆલા અન્હુમના બારામાં મરવી છે કે એક વખત હઝરત ફારૂકે આઝમ તથા હઝરત મઆઝ ઈબ્ને જબલ રદિઅલ્લાહુ અન્હુમાએ અરઝ કરી, યા રસૂલલ્લાહ ! (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) અમોને દારૂના સંબંધથી હુકમ આપો કારણ કે એ બુધ્ધિને ખતમ કરનાર અને માલને બરબાદ કરનાર છે. તો આ આયતે કરીમા ઉતરી જેમાં દારૂ અને જુગાર ગુનાહિત અને નુકસાન પહોંચાડનાર હોવાનું વર્ણન છે પણ એનાથી બચવાનો ખુલ્લો હુકમ નથી. છતાં આના પર અમુક લોકોએ એવું વિચારીને કે જ્યારે દારૂ ગુનાહિત છે તો એને છોડી આપ્યું. પરંતુ કેટલાક જેઓને એની ટેવ પડી ગઈ હતી તેઓ એનો ઉપયોગ કરતા રહ્યા. એટલે સુધી કે એવી જ હાલતમાં નમાઝ પણ પઢી લેતા કારણ કે દારૂ પીને નમાઝ પઢવી કે નહીં તેનો કોઈ ખુલ્લો હુકમ ઉતર્યો ન હતો. એક વખત અમુક લોકોએ દારૂ પીને નમાઝ પઢી લીધી, અને ઈમામ સાહેબે સૂરએ કાફિરૂન તિલાવત કરી અને એમાંથી બે જગ્યાએથી શબ્દ "લા" ને હઝફ કરી ગયા (ન પઢયા). જેને લઈને અર્થ બિલકુલ ઊંધો થઈ ગયો. તો તે સમયે આ હુકમ નાઝિલ થયો.

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَقْرَبُوا الصَّلٰوةَ وَاَنْتُمْ سُكٰرٰى حَتّٰى تَعْلَمُوْا
مَا تَقُوْلُوْنَ ۔

**અર્થ** : હે ઈમાનવાળાઓ ! નશાની હાલતમાં નમાઝ પાસે ન જાવ, જ્યાં સુધી કે તમોને એટલો હોશ આવી જાય કે જે બોલો તે સમજી શકો. (સૂ. નિસાઅ—૪૩)

હવે મુસલમાનોએ તદ્દન નમાઝની હાલતમાં દારૂને ત્યજી આપ્યું. પછી એક મહેફિલમાં જ્યારે દારૂનો દૌર ચાલી રહ્યો હતો અને મેહફિલવાળાઓને નશો ચઢયો તો પોત પોતાના કુટુંબોની તારીફમાં કોઈએ અન્સારની બુરાઈમાં શેઅર કહ્યો. એને લીધે એક અન્સારીએ ઊંટના જડબાનું હાડકુ એમના માથા પર મારીને માથુ ફોડી નાખ્યું. બારગાહે રિસાલતમાં એની શિકાયત પેશ કરવામાં આવી તો હવે હઝરતે ઉમરે ઈલ્તેજા કરી કે અલ્લાહ તઆલા દારૂના બારામાં ચોખ્ખો હુકમ નાઝિલ ફર્માવે તો સારું ! તો આ આયત ઉતરી.

إِنَّمَا الْخَمْرُ وَالْمَيْسِرُ وَالْأَنْصَابُ وَالْأَزْلَامُ رِجْسٌ مِّنْ عَمَلِ الشَّيْطٰنِ فَاجْتَنِبُوْهُ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ۝ إِنَّمَا يُرِيْدُ الشَّيْطٰنُ أَنْ يُّوْقِعَ بَيْنَكُمُ الْعَدَاوَةَ وَالْبَغْضَآءَ فِي الْخَمْرِ وَالْمَيْسِرِ وَيَصُدَّكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ وَعَنِ الصَّلٰوةِ فَهَلْ أَنْتُمْ مُّنْتَهُوْنَ ۝

**અર્થ** : હે ઈમાનવાળાઓ ! દારૂ અને જુગાર તથા મૂર્તિ અને હાર જીતના તીર નાપાક જ છે, શૈતાની કાર્ય તો એનાથી બચતા રહેજો કે તમો કામયાબી પ્રાપ્ત કરો. શૈતાન એ જ ઈચ્છે છે કે તમારામાં દુશ્મની અને ફૂટ પડાવી દે. દારૂ અને જુગારમાં અને તમોને અલ્લાહ તઆલાની યાદ અને નમાઝથી રોકે, તો તમો શું એનાથી (બાઝ આવ્યા) દૂર થયા ?

(સૂ. માએદહ, આ. ૯૦)

આ સાંભળી હઝરતે ઉમર રદિઅલ્લાહો અન્હોએ કહ્યું, અમો બાઝ આવ્યા, અમો બાઝ આવ્યા.

અલ્લામા શામી ફરમાવે છે, આ આયતમાં દારૂના હરામ હોવા પર દસ દલીલો છે.

(૧) દારૂનું ઝિક્ર જુગાર, મૂર્તિ અને જુગારના તીરો સાથે કર્યું છે, અને આ સર્વ હરામ છે.

(૨) દારૂને નાપાક ફરમાવ્યું અને નાપાક વસ્તુ હરામ હોય છે.

(૩) દારૂને શૈતાની કાર્ય ફરમાવ્યું અને શૈતાની કાર્ય હરામ છે.

(૪) દારૂથી બચવાનું ફરમાવ્યું અને જેનાથી બચવું ફર્ઝ હોય એને કરવું હરામ છે.

(૫) કામયાબીને દારૂથી બચવા પર નિર્ભર રાખી, એટલા માટે બચવું ફર્ઝ અને એને અપનાવવું હરામ થયું.

(૬) દારૂને લીધે શૈતાન અંદર અંદર દુશ્મની નાખે છે, અને દુશ્મની હરામ છે, અને જે હરામનો સબબ હોય તે પણ હરામ હોય છે.

(૭) દારૂને લીધે શૈતાન અદાવત નાખે અને અદાવત હરામ છે.

(૮) દારૂને લીધે શૈતાન અલ્લાહ અઝ્ઝ વ જલ્લના ઝિક્રથી રોકે છે અને અલ્લાહ અઝ્ઝ વ જલ્લના ઝિક્રથી રોકવું હરામ છે.





(૯) અને દારૂના લીધે શૈતાન નમાઝથી રોકે છે, અને જે નમાઝથી રોકવાનો સબબ બને તે કરવું હરામ છે.

(૧૦) અલ્લાહ તઆલાએ સાવલના સેગાની સાથે નહીએ બલીગ (સંપૂર્ણ રીતે રોકતાં) કરતાં ફરમાવ્યું, **ફહલ અન્તુમ મુન્તહૂન** "તો શું તમો રોકાવાવાળા છો ?" અને નહીએ બલીગ એટલે સંપૂર્ણ રોકવાથી પણ હુરમત પુરવાર થાય છે. (ખુલાસો રદ્દુલ મુહતાર, શામી, ભાગ–૫, પેજ–૯૭/૩૯૬)

આ આયતમાં દારૂ અને જુગારના બુરા પરિણામોનું બયાન કરીને દારૂ અને જુગારથી બચવાનો સ્પષ્ટ હુકમ ફરમાવવામાં આવ્યો છે. દારૂનો અરબસ્તાનમાં સર્વસામાન્ય (આમ) રિવાજ હતો. અમુક વ્યકિતઓ સિવાય બધા દારૂને ચાહવાવાળા હતા. દારૂ જે અસંખ્ય શારીરિક તથા રૂહાની બીમારીઓનો સબબ, અખ્લાકી અને આર્થિક બર્બાદીની જડ અને ફિતના ફસાદનો ઝરીઓ છે. ઈસ્લામના પાક કાનૂનોમાં એનો કેવી રીતે સમાવેશ થઈ શકતો હતો ? એટલા માટે અલ્લાહ તઆલાએ એને કતઈ (તદ્દન–સંપૂર્ણ) હરામ કરી દીધો. પરંતુ હરામ હોવાનો હુકમ ધીરે ધીરે ક્રમે ક્રમે ઉતાર્યો જેથી લોકોનું એના પર અમલ કરવું સરળ થઈ જાય. જેવું કે તમોએ ઉપરોકત દર્શાવેલ આયતોથી અનુમાન લગાડયું છે. જ્યારે તદ્દન હરામ કરી આપવામાં આવ્યું ત્યારે નબીએ આખેરૂઝ્ઝમાં (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ એક ખાદિમને હુકમ આપ્યો કે મદીનાની ગલીઓમાં ફરીને એલાન કરી આપે. જ્યારે એ એલાન કરવાવાળા નીકળ્યા ને કહેવા લાગ્યા કે હોશિયાર થઈ જાવ ! બેશક ! દારૂ હરામ કરી દેવામાં આવ્યું, સાંભળો ! દારૂ તદ્દન હરામ કરી દેવામાં આવ્યું ! તે સમયે કેટલીક જગ્યાએ દારૂની મહેફિલો રચાએલી હતી. લોકો ભેગા હતા, જામ હરકતમાં હતા. કાનમાં જેવો "શું તમો રોકાયા ?" નો અવાજ પહોંચ્યો તો હાથોમાં ઉઠાવેલ દારૂના પ્યાલાઓ જમીન ર પટકી નાંખ્યા, હોટોથી લાગેલા જામો આપોઆપ અલગ થઈ ગયા, દારૂના જામ તથા માટલાંઓ તોડી નાખવામાં આવ્યાં, મશકો અને માટલાઓમાં મૂકેલી દારૂ ફેંકી દેવામાં આવી, એ વસ્તુ જે તેઓને ઘણી પ્યારી હતી તે હવે નાપાક પાણીની જેમ ગલીયોમાં વહી રહી હતી.

હુઝૂર રહમતે આલમ ફયઝે મુજસ્સમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની ઈતાઅત (પૈરવી)નો જઝબો હઝરાતે સહાબાએ કિરામના દિલોમાં એવો બેસી ગયો હતો કે ત્યાર પછી કોઈ પણ સહાબીએ દારૂ પીવાની ઈચ્છા પણ ન કરી. આ કુરઆનની તાષીર, હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની તરબીયત (કેળવણી)નો ફૈઝ, હઝરાતે સહાબાએ કિરામની પૂરેપૂરી ફરમાંબરદારી અને ઈસ્લામની ઈન્કેલાબી શકિતનો એવો દેખાવ છે કે જેનો ઈતિહાસમાં કોઈ દાખલો મળતો નથી. આ આયતમાં હેતુ તો દારૂ તથા જુગારની હુરમતનું બયાન છે પરંતુ મૂર્તિઓ અને જુગારી તીરોને આની સાથે વર્ણવી આ બંનેવની બુરાઈ વધુ ઉગાડી કરી આપી. હઝરતે ફારૂકે આઝમ રદીઅલ્લાહો તઆલા અન્હોએ ત્યાર પછી ફરમાવ્યું કે, હે દારૂ ! તારુ વર્ણન તો જુગારી તીરો તથા મૂર્તિઓ સાથે કરવામાં આવ્યું ! તુ દૂર થા ! તારું સત્યાનાશ થાય ! (ઝિયાઉલ કુરઆન વિગેરે)

## ★ દારૂ હદીષની રોશનીમાં ★

દારૂને નબીયે રહમત (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ઉમ્મુલ ખબાઈષ એટલે કે સર્વ ગુનાહોની જડ અને અમુક રિવાયતોમાં 'મિફતાહુઝ્ઝબૂબ' એટલે કે ગુનાહોની ચાવી ફરમાવ્યું છે. કુરઆન મજીદની સાથે હદીષોમાં પણ અધિક પ્રમાણમાં એના હરામ હોવાનું અને બુરા હોવાનું વર્ણન આવ્યું છે. નીચે એ સંબંધની હદીષો વર્ણન કરવામાં આવી છે.

**હદીષ-(૧)** : હઝરતે વાઈલ હઝરમી રદીઅલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે કે હઝરત તારિક ઈબ્ને સુવૈદ રદીઅલ્લાહો અન્હોએ દારૂના બારામાં પૂછયું તો નબી પાક (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ના પાડી આપી. તો એમણે કહ્યું કે હું તો માત્ર દવા માટે દારૂ બનાવું છું તો હુઝૂર અલયહિસ્સલાતો વસ્સલામએ ઈરશાદ ફરમાવ્યો, **આ (દારૂ) દવા નથી બલ્કે એક મોટી બીમારી છે.** (મિશ્કાત, પેજ-૩૧૭, બહવાલા મુસ્લિમ)

**હદીષ-(૨)** : હઝરતે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર રદીઅલ્લાહો તઆલા અન્હોમાએ કહ્યું કે હઝરત નબીયે અકરમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફરમાવ્યું, જે દારૂ પી લેશે તેની ૪૦ દિવસ સુધી નમાઝ કબૂલ નહીં થાય, પરંતુ જો એને તૌબા કરી લીધી તો અલ્લાહ અઝ્ઝ વ જલ્લ એની તૌબા





કબૂલ ફરમાવશે. જો ફરી એણે દારૂ પી લીધું તો ફરી ચાલીસ દિવસ સુધી એની નમાઝ મકબૂલ નહીં થાય, પણ જો એને તૌબા કરી લીધી, તો અલ્લાહ અઝ્ઝ વ જલ્લ એની તૌબા કબૂલ કરશે. ફરી ત્રીજીવાર જો પી લીધી તો ચાલીસ દિવસની નમાઝ કબૂલ નહીં થાય, પણ જો એણે તૌબા કરી લીધી તો અલ્લાહ અઝ્ઝ વ જલ્લ કબૂલ કરી લેશે. પાછુ ફરી જો પી લીધું તો ચાલીસ દિવસ સુધી નમાઝ કબૂલ નહીં થાય, પણ જો એણે એના પછી તૌબા કરી તો તૌબા કબૂલ નહીં થાય અને **કયામતના દિવસે એને દોઝખીઓની પરૂની નહેરમાંથી પરૂ (પાક) પીવડાવવામાં આવશે.**
(મિશ્કાત, પેજ-૩૧૭, બહવાલા તિર્મિઝી)

**હદીષ-(૩)** : હઝરતે જાબિર રદીઅલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે કે હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે, **એ વસ્તુ જે વધુ પ્રમાણમાં નશો લાવે તેનું થોડુ પ્રમાણ પણ હરામ છે.**
(મિશ્કાત, પેજ-૩૧૭)

**હદીષ-(૪)** : હઝરતે અબૂ સઈદ ખુદરી રદીઅલ્લાહુ તઆલા અન્હોથી રિવાયત છે કે, અમારા ત્યાં એક યતીમ છોકરાનો દારૂ મૂકેલો હતો, જ્યારે સૂરએ માએદા ઉતરી અને દારૂ હરામ થઈ ગયું ત્યારે મેં હુઝૂરે સય્યદે દોઆલમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ને એના બારામાં પૂછયું અને આપે કહ્યું કે તે દારૂ એક યતીમ છોકરાનો છે. તો આપે ઈરશાદ ફરમાવ્યો એને વહાવી દો. (મિશ્કાત-૩૧૮)

**હદીષ-(૫)** : હઝરતે અનસ રદીઅલ્લાહુ અન્હો હઝરતે અબૂ તલહા રદીઅલ્લાહુ અન્હોથી નકલ કરે છે કે, એમણે કહ્યું કે, હે અલ્લાહ અઝ્ઝ વ જલ્લના નબી ! (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) મેં અમુક યતીમો માટે દારૂ લીધો છે જે મારી પરવરીશમાં (ભરણ પોષણ હેઠળ) છે. તો આપે ઈરશાદ ફરમાવ્યો કે એને વહાવી દો. (મિશ્કાત-૩૧૮)

**હદીષ-(૬)** : હઝરત દયલમ હુમીરી રદીઅલ્લાહુ તઆલા અન્હોથી રિવાયત છે, એમણે કહ્યું કે, યા રસૂલલ્લાહ ! અમો એક ઠંડી જમીનમાં રહીએ છીએ અને ઘણી મહેનતનું કામ કરીએ છીએ, અને અમો ઘંઉનો દારૂ બનાવીએ છીએ, એટલા માટે કે એને પીને અમારા કાર્યોની તાકત

અને અમારા શહેરોની ઠંડી પર કાબૂ પ્રાપ્ત કરી લઈએ. તો હુઝૂર (અલયહિસ્સલાતો વસ્સલામ)એ ઈરશાદ ફરમાવ્યો, તે નશો લાવે છે ? મેં કહ્યું, જી હાં ! તો આપે ફરમાવ્યું, તો તો એનાથી બચો. મેં કહ્યું કે અમારા ત્યાંના લોકો એને નથી ત્યજી શકતા ! તો ઈરશાદ ફરમાવ્યો કે, જો લોકો એને ન ત્યજે તો તમો એ લોકો સાથે જેહાદ કરો ! (મિશ્કાત, પેજ–૩૧૦, અબૂદાઉદ) એટલે કે કડકાઈથી રોકો અને જો એને હલાલ જાણે તો જેહાદ કરો.

**હદીષ–(૭)** : હઝરતે અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર રદીઅલ્લાહુ અન્હુમાથી રિવાયત છે કે, હુઝૂર નબીયે પાક (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ **દારૂ** તથા **જુગાર** તથા **શતરંજ** અને બાજરાના દારૂથી રોકયા અને ઈરશાદ ફરમાવ્યો કે, દરેક નશો લાવે તે વસ્તુ હરામ છે. (મિશ્કાત–૩૧૮)

**હદીષ–(૮)** : હઝરતે અબૂ મૂસા અશ્અરી રદીઅલ્લાહુ તઆલા અન્હોથી રિવાયત છે કે, ત્રણ માણસ જન્નતમાં નહીં જાય, (૧) હમેશાં દારૂ પીવાવાળો (૨) સગાઈ સંબંધને તોડવાવાળો (૩) જાદૂને સાચુ કહેવાવાળો. (મિશ્કાત–૩૧૮, મુસ્નદે ઈમામ અહમદ) અમુક રિવાયતોમાં એ છે કે તે જન્નતની ખુશબૂ (સુગંધ) નહીં પામે.

**હદીષ–(૯)** : હઝરતે ઈબ્ને અબ્બાસ રદીઅલ્લાહુ તઆલા અન્હુમાથી રિવાયત છે કે, હમેશાં દારૂ પીવાવાળો જો એવી જ હાલતમાં મૃત્યુ પામી ગયો તો અલ્લાહ અઝ્ઝ વ જલ્લના દરબારમાં (કયામતના દિવસે) એવી રીતે આવશે જેવી રીતે કે એક મૂર્તિપૂજક. (મઆઝઅલ્લાહ)

(મિશ્કાત–૩૧૮)

**હદીષ–(૧૦)** : હઝરત અબૂ મૂસા રદીઅલ્લાહુ તઆલા અન્હો ફરમાવતા હતા કે, હું એની પરવા નથી કરતો કે દારૂ પી લઉં કે પેલા થાંભલાની ઈબાદત કરી લઉં ! (એટલે કે આ બંનેવ હરામ અને ગુનાહીત કાર્યો છે. આ બંનેવથી સરખી રીતે બચવું જોઈએ.) (મિશ્કાત–૩૧૮, બહવાલા નિસાઈ)

**હદીષ–(૧૧)** : હઝરત અનસ રદીઅલ્લાહુ તઆલા અન્હોથી રિવાયત છે કે એમણે કહ્યું કે રસૂલે પાક (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફરમાવ્યું, અલ્લાહ અઝ્ઝ વ જલ્લએ દારૂના બારામાં **દસ વ્યકિતઓ પર લઅનત**





ફરમાવી. **(૧)** દારૂ ગાળવાવાળા પર **(૨)** દારૂ ગળાવાવાળા પર **(૩)** દારૂને પીવાવાળા પર **(૪)** દારૂને ઊંચકવાવાળા પર **(૫)** એના પર જેની પ્રતિ દારૂ ઊંચકીને લઈ જવામાં આવે **(૬)** દારૂ પીવાડવાવાળા પર **(૭)** દારૂ વેચવાવાળા પર **(૮)** દારૂની રકમ ખાવાવાળા પર **(૯)** દારૂ વેચાતુ લેવાવાળા પર **(૧૦)** એના પર જેના માટે દારૂ વેચાતુ લેવામાં આવ્યું હોય. (મિશ્કાત–૨૪૨, તિરમિઝી, ઈબ્ને માજા)

**હદીષ–(૧૨)** : હઝરત અનસ રદીઅલ્લાહુ તઆલા અન્હો કહે છે. જયારે દારૂ હરામ કરી દેવામાં આવ્યું તો અમે દ્રાક્ષનો દારૂ બહુ ઓછો પામતા હતા, અમારો વધુ પડતો દારૂ કાચી અને પાકી ખજૂરોનો હતો. (બુખારી)

**હદીષ–(૧૩)** : હઝરત ઉમ્મે સલમા રદીઅલ્લાહુ અન્હાથી રિવાયત છે કે, હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ મુસ્કિર (નશો લાવનાર) અને મુફ્તિર (અંગોને ઢીલાં પાડનાર, હોશને હવાસને ગુમ કરનાર ચીજ જેમ કે અફીણ, ભાંગ વગેરે)થી રોકયા છે. (અબૂદાવુદ)

**હદીષ–(૧૪)** : હઝરત ઈબ્ને ઉમર રદીઅલ્લાહુ તઆલા અન્હોથી રિવાયત છે કે રસૂલે પાક (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો, બધી નશાકારક વસ્તુ ખમ્ર (દારૂ) છે અને સઘળી નશાવાળી વસ્તુ હરામ છે. અને જે વ્યકિત દુનિયામાં દારૂ પીએ અને હંમેશા પીતો રહે અને એવી જ હાલતમાં મરી જાય અને તૌબા ન કરે તો તે આખેરતનો દારૂ નહીં પીએ. (બુખારી તથા મુસ્લિમ તથા અબૂદાવુદ, તિર્મિઝી, નિસાઈ, બયહકી)

**હદીષ–(૧૫)** : હઝરત જાબિર રદીઅલ્લાહુ અન્હોથી રિવાયત છે કે હુઝૂર સય્યદે દોઆલમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો, સર્વ નશાવાળી વસ્તુ હરામ છે. બેશક ! અલ્લાહ અઝ્ઝ વ જલ્લએ વાયદો કર્યો છે કે જે વ્યકિત નશો કરશે એને 'તીનતુલ ખિબાલ'થી પીવડાવશે. લોકોએ વિનંતિ કરી 'તીનતુલ ખિબાલ' શુ વસ્તુ છે ? ઈરશાદ ફરમાવ્યો કે જહન્નમીઓનો પસીનો અથવા જહન્નમીઓનું પરૂ (પાક). (મુસ્લિમ)

**હદીષ–(૧૬)** : હઝરત અબૂ ઉમામા રદીઅલ્લાહુ તઆલા અન્હોથી રિવાયત છે, હુઝૂર નબીયે આખેરૂઝ્ઝમાં (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે, અલ્લાહ અઝ્ઝ વ જલ્લ ફરમાવે છે, મારી ઈજ્જતની કસમ !

**જે બંદો દારૂનો એક ઘુંટ પણી પીશે હું એને એટલું જ પીપ (પાક) પીવડાવીશ** અને **જે બંદો મારા ખૌફ (ડર)થી એને ત્યજી દેશે હું એને મુકદ્દસ (પાક) હોઝથી પીવડાવીશ.** (ઈમામ અહમદ)

**હદીષ-(૧૭)** : હઝરત ઈબ્ને ઉમર રદીઅલ્લાહુ તઆલા અન્હોમાથી રિવાયત છે કે હુઝૂરે ફરમાવ્યું, ત્રણ માણસો પર અલ્લાહ અઝ્ઝ વ જલ્લએ **જન્નત હરામ** કરી દીધી છે. તે ત્રણ આ છે : **(૧)** દારૂને હમેશાં પીવાવાળો **(૨)** માં બાપની નાફરમાની કરવાવાળો **(૩)** અને દય્યૂષ જે પોતાના ઘરમાં બેશરમીની વાત જુએ છતાં રોકે નહીં. (ઈમામ અહમદ, નિસાઈ, બઝ્ઝાર, હાકિમ)

**હદીષ-(૧૮)** : હઝરત ઈબ્ને અબ્બાસ રદીઅલ્લાહુ તઆલા અન્હુમાથી રિવાયત છે કે હુઝૂરે પાક સય્યદે દોઆલમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો, **જે વ્યક્તિ અલ્લાહ અઝ્ઝ વ જલ્લ અને કયામતના દિવસ પર ઈમાન લાવ્યો છે તે દારૂ પીશે નહીં અને જે વ્યક્તિ અલ્લાહ અઝ્ઝ વ જલ્લ અને કયામતના દિવસ પર ઈમાન લાવ્યો છે એ એવા દસ્તરખાન પર બેસશે નહીં જેના પર દારૂ પીવામાં આવતો હોય.** (તિબરાની)

**હદીષ-(૧૯)** : હઝરત ઈબ્ને અબ્બાસ રદીઅલ્લાહુ અન્હુમાથી રિવાયત છે કે હુઝૂર સય્યદે આલમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો, દારૂથી બચો કારણ કે તે સઘળી બુરાઈઓની ચાવી છે. (હાકિમ)

**હદીષ-(૨૦)** : હઝરત અબૂ દરદા રદીઅલ્લાહુ અન્હાથી રિવાયત છે. તે કહે છે કે મને મારા ખલીલ હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ વસીયત કરી. (૧) અલ્લાહ અઝ્ઝ વ જલ્લ સાથે શિર્ક ન કરશો ભલેને પછી ટુકડા ટુકડા કરી દેવામાં આવે ને સળગાવી દેવામાં આવે. (૨) અને ફર્ઝ નમાઝને જાણી જોઈને ન છોડશો કારણ કે જે વ્યકિત એને જાણી જોઈને ત્યજે એ અમારી જિમ્મેદારીથી અલગ છે. (૩) દારૂ ન પીશો કારણ કે તે સઘળી બુરાઈઓની ચાવી છે. (ઈબ્ને માજા, બયહકી, નસબુર્રાયા, ભાગ-૪-૨૯૮)

**હદીષ-(૨૧)** : હઝરત ઉસ્માન ગની રદીઅલ્લાહુ અન્હોથી રિવાયત છે કે





ફરમાવે છે, ઉમ્મુલ ખબાઈષ (સઘળી બુરાઈઓના મૂળ)થી બચો. ભૂતકાળ માં એક ઈબાદતગુઝાર વ્યકિત હતી જે લોકોથી અલગ રહેતી હતી. એક બદચલન સ્ત્રી એના પર આશિક થઈ ગઈ તો એણે તે વ્યકિત પાસે એક નોકરાનીને મોકલી કે એને ગવાહી માટે બોલાવી લાવ. પેલી નોકરાની તે ઈબાદતગુઝારને બોલાવી લાવી. જ્યારે તે ઘરના દરવાજાઓમાં પ્રવેશ્યા તો જેમ જેમ પ્રવેશ કરતા ગયા તેમ તેમ નોકરાની દરવાજા બંધ કરતી ગઈ. એટલે સુધી કે જ્યારે તેમણે અંદર પ્રવેશ કર્યો તો જોયું કે એક ખૂબસૂરત સ્ત્રી બેઠેલી છે અને એની પાસે એક છોકરો છે, અને એક વાસણમાં દારૂ છે. તે સ્ત્રીએ કહ્યું કે મેં તને ગવાહી દેવા નથી બોલાવ્યો બલ્કે એટલા માટે બોલાવ્યો છે કે આ છોકરાને મારી નાખ અથવા મારાથી વ્યભિચાર કર અથવા દારૂનો એક પ્યાલો પી ! જો તુ આ વાતોથી ઈન્કાર કરીશ તો હું બુમો પાડીશ અને તને બદનામ કરીને જંપીશ ! જ્યારે પેલા આબિદે જોયું કે બદનામીથી બચવા માટે મારે મજબૂરીએ કંઈક કરવુ પડશે, તો કહ્યું કે એક પ્યાલુ દારૂનુ મને પીવડાવી દે ! જ્યારે એક પ્યાલો દારૂ ગટગટાવી ગયો તો કહેવા લાગ્યો, હજુ બીજું પણ લાવ ! જ્યારે ખૂબ પીને મસ્ત થઈ ગયો તો પછી તે સ્ત્રી સાથે વ્યભિચાર કર્યો અને પેલા છોકરાને મારી નાંખ્યો. એટલા માટે દારૂથી બચો. ખુદાની કસમ ! **ઈમાન** અને **દારૂની આદત** બંને માણસના **સીનામાં ભેગાં નથી થઈ શકતાં** પણ જલ્દીથી એમાંનું એક બીજાને કાઢી નાંખે છે. (ઈબ્ને હબ્બાન, બયહકી, નસબુર્રાયા, ભાગ-૪, પેજ-૨૯૭) એટલે કે જો ઈમાન મજબૂત છે તો ટૂંક મુદ્દતમાં દારૂ છૂટી જાય છે, નહીં તો આ દારૂ દિલને ઈમાનના નૂરથી ખાલી કરી દે છે.

આ પ્રસંગથી દારૂનુ સઘળી બુરાઈઓનું જડ હોવું ખૂબ સ્પષ્ટ થઈ જાય છે. અને અનુભવ પણ એ જ છે કે જ્યારે માણસ દારૂ પી લે છે ત્યારે એની અક્કલ ખતમ થઈ જાય છે પછી એ સઘળી બુરાઈઓ માટે તૈયાર જોવામાં આવે છે. જ્યારે કે હોશવાળો માનવી એક ગુનોહ કરીને બીજા ગુનાહ માટે વિચાર કરે છે અને તુરત કદમ નથી ઉઠાવતો પરંતુ દારૂ પીધા પછી માનવી સોચવા સમજવાની ક્ષમતા લાયકાત ખોઈ બેસે છે.

**હદીષ-(૨૨)** : હઝરત અબૂ માલિક અશઅરી રદીઅલ્લાહુ અન્હોથી

રિવાયત છે કે હુઝૂર સય્યદે દોઆલમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો, **મારી ઉમ્મતમાં કેટલાક લોકો દારૂ પીશે અને એનું નામ પરિવર્તન કરીને બીજુ કાંઈ રાખી લેશે.** (એને પીધા બાદ એવી રંગરંગીલીઓ કરશે કે) **એમનાં માથાં પર બાજાં વગાડવામાં આવશે** અને **ગાનારીઓ ગાશે.** એ લોકો તે હશે કે જેઓને જમીનમાં ધસાવી દેવામાં આવશે.

**હદીષ-(૨૩)** : હઝરત અમીર મુઆવિયહ્ (રદિયલ્લાહુ તઆલા અન્હૂ)થી રિવાયત છે કે રસૂલે પાક (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું, જે શરાબ પીએ તેને કોરડા મારો અને જો ચોથી વાર પીએ તો તેને કત્લ કરી નાખો. અને આ હદીષ હઝરત જાબિર (રદિયલ્લાહુ તઆલા અન્હૂ)થી પણ રિવાયત થયેલ છે. તેઓ કહે છે કે ચોથી વાર હુઝૂરની સમક્ષ શરાબીને લાવવામાં આવ્યો તો તેને કોરડા માર્યા અને કત્લ ન કર્યો, એટલે કે કત્લ કરવાનો હુકમ મન્સૂખ છે. (તિર્મિઝી, અબૂ દાઉદ)

**હદીષ-(૨૪)** : હઝરત સાઈબ ઈબ્ને યઝીદ (રદિયલ્લાહુ તઆલા અન્હુમા)થી રિવાયત છે, કહે છે કે હુઝૂરના જમાનામાં અને હઝરત અબૂબક્રના ખિલાફતકાળમાં અને હઝરત ઉમરના પ્રારંભિક ખિલાફતકાળ માં જ્યારે શરાબી લાવવામાં આવતો તો અમે અમારા હાથો અને જોડાઓ અને ચાદરોથી તેને મારતા. પછી હઝરત ઉમરે ૪૦ કોરડાનો હુકમ આપ્યો. પછી જ્યારે લોકોમાં નાફર્માની અને ફિસ્ક પેદા થઈ ગયો તો ૮૦ કોરડાઓનો હુકમ આપ્યો. (બુખારી)

**હદીષ-(૨૫)** : હઝરત ષૌર ઈબ્ને ઝૈદ (રદિયલ્લાહુ તઆલા અન્હૂ)થી રિવાયત છે કે હઝરત ઉમર (રદિયલ્લાહુ તઆલા અન્હૂ)એ શરાબની હદ (સજા લાગુ કરવા) વિશે સહાબીઓથી મશ્વરો કર્યો તો હઝરત અલી (રદિયલ્લાહુ તઆલા અન્હૂ)એ ફર્માવ્યું, મારી રાય એ છે કે તેને ૮૦ કોરડાઓ મારવામાં આવે. કેમ કે જ્યારે શરાબ પીશે તો નશો થશે, અને જ્યારે નશો થશે તો બેહુદા બકશે અને જ્યારે બેહુદા બકશે તો આક્ષેપબાજી કરશે. (એટલે સુધી કે કોઈના પર તોહમત લગાડી દેશે.) જેથી હઝરત





ઉમરે ૮૦ કોરડા મારવાનો હુકમ લાગુ કર્યો. (ઈમામ માલિક, મિશ્કાત-૩૧૬)

**નોંધ :-** આ સર્વ હદો (સજાઓ) મિશ્કાત અને બહારે શરીઅતમાંથી લીધી છે.

**હદીષ-(૨૬)** : હઝરત નોઅમાન બિન બશીરથી મરવી છે, કહે છે કે, ફર્માવ્યું રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ઘંઉની પણ શરાબ બને છે અને જવની પણ શરાબ બને છે અને ખજૂરથી પણ શરાબ બને છે. અને કિશમિશથી પણ શરાબ બને છે અને મધ વડે શરાબ બને છે. (તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)

આ હદીષથી જાણવા મળ્યું કે કેવળ દ્રાક્ષથી જ શરાબ નથી બનતી બલ્કે આ ચીજોથી પણ જે શરાબ બનાવવામાં આવે છે તે પણ શરાબ છે, અથવા કમસે કમ તેનો હુકમ પણ હરામ અને નાપાક હોવામાં ખમ્ર (દારૂ) જેમ જ છે. અને એ કે તેનુ થોડુ કે વધુ પ્રમાણ સૌ હરામ છે.

**હદીષ-(૨૭)** : હઝરત અબૂ હુરૈરહ્ (રદિયલ્લાહુ અન્હૂ)થી રિવાયત છે કે એક માનવીને નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) પાસે લાવવામાં આવ્યો જેણે દારૂ પીધો હતો. તો હુઝૂરે ફર્માવ્યું, એને મારો ! તો અમારામાંથી અમુકે હાથથી, અમુકે બુટથી, અમુકે કપડાં વડે માર્યો. જ્યારે મારી લીધો ત્યારે અમુક લોકોએ કહ્યું કે અલ્લાહ અઝ્ઝ વ જલ્લ તને રુસ્વા કરે ! હુઝૂરે ફરમાવ્યું, એને એવું ન કહો અને એના પર શૈતાનની મદદ ન કરો. (બુખારી શરીફ) અને અબૂ દાઉદની રિવાયતમાં આટલુ વધારે છે, પણ આવું કહો, હે અલ્લાહ ! (અઝ્ઝ વ જલ્લ) એની મગફેરત ફરમાવ. હે અલ્લાહ ! એના પર રહમ ફરમાવ અને ફરીથી આ બુરી આદતથી એને બચાવ. આવો જ હુકમ ગુનેહગારોનો છે. એ લોકો પર ન લઅનત કરવામાં આવે અને ન તો એ લોકોની રૂસ્વાઈ (બેઈજ્જતી)ની બદદુઆ કરવામાં આવે, કેમ કે શૈતાન તો આવું જ ઈચ્છે છે. બલ્કે એ લોકોની બખ્શિશની દુઆ કરવામાં આવે અને આગળ જતાં બચવા માટે અલ્લાહ અઝ્ઝ વ જલ્લથી તૌફીક માંગવી જોઈએ, આમાં શૈતાનની હાર અને રૂસ્વાઈ છે. અને આપણા ઈમાની ભાઈની ભલાઈ તથા ભાઈચારગી છે.

**હદીષ–(૨૮)** : હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને વઅ્લાએ કહ્યું કે મેં હઝરત ઈબ્ને અબ્બાસથી દારૂના વેચવા તથા ખરીદવાના બારામાં પૂછયું તો આપે કહ્યું, કબીલા ષકીફ અથવા દવસનો એક વ્યકિત હુઝૂરનો મિત્ર હતો. તો એણે મક્કાના વિજયના દિવસે હુઝૂરથી મુલાકાત કરી અને દારૂના માટલાં ભેટ પેટે રજુ કર્યા તો આકાએ દો જહાં ખાતમુન્નબીય્યીન (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો, હે શખ્સ ! તને ખબર નથી કે અલ્લાહ તઆલાએ એને હરામ કરી દીધો છે ? તો એણે તરત પોતાના ગુલામ બાજુ ધ્યાન કર્યુ અને છાનુમાનુ કહ્યું કે આ દારૂને વેચી દે ! હુઝૂરે અકરમ સય્યદે અરબો અજમે ઈરશાદ ફરમાવ્યો કે હે શખ્સ ! તેં ગુલામને શું હુકમ આપ્યો છે ? કહ્યું કે મેં એને દારૂ વેચવાનું કહ્યું છે. હુઝૂરે ઈરશાદ ફરમાવ્યો કે **બેશક ! જેણે એને પીવાનું હરામ કર્યુ છે તેણે એને વેચવાનું પણ હરામ કર્યુ છે.** તો એણે પોતાના ગુલામને કહ્યું કે ફેંકી દો ! તો દારૂને બતહાની જમીનમાં ફેંકી દેવામાં આવ્યો. (નસબુર્રાયહ્ લિઝ્ઝયલઈ, ભાગ–૪, પેજ–૨૯૭) આનાથી ખબર પડી કે જેવી રીતે દારૂને પીવું હરામ છે એવી જ રીતે એને વેચવું પણ હરામ છે, કારણ કે આવી રીતે ગુનાહ પર મદદ થશે અને આ હરામથી જે વકરો (આવક) આવશે તે પણ હરામ જ થશે.

**હદીષ–(૨૯)** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ (રદિયલ્લાહુ અન્હુમા)થી રિવાયત છે કે રસૂલે પાક (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો, જેણે એક વખત નશાના લીધે નમાઝ છોડી તો (એનું નુકશાન) એવું છે કે તે પૂરી દુનિયા અને દુનિયાની સઘળી દૌલત તથા નેઅમતનો માલિક હતો, પછી એનાથી આ સઘળી વસ્તુ ઝુટવી લેવામાં આવી. અને જેણે ચાર વખત નશાની હાલતમાં નમાઝ છોડી તો અલ્લાહ અઝ્ઝ વ જલ્લ પર હક થાય છે કે એને જહન્નમીઓનું પરુ (પાક) પીવડાવે જેને તીનતુલ ખેબાલ કહેવાય છે. (બયહકી કબીર, ભાગ–૮, ૨૮૭)

**હદીષ–(૩૦)** : હઝરત ઉસ્માન ગની રદીયલ્લાહુ તઆલા અન્હોથી મરવી છે. ફરમાવ્યું, દારૂથી બચો, એટલા માટે કે તે સઘળી બુરાઈઓનું મૂળ છે. (દાખલા તરીકે) એક વ્યકિતને કહેવામાં આવ્યું (કે તારે આમાંથી કોઈ એક





કાર્ય કરવાનું છે.) કિતાબ (કુરઆન)ને ફાડી નાખ ! (મઆઝલ્લાહ) અથવા આ છોકરાને કતલ કર ! અથવા આ સ્ત્રી સાથે વ્યભિચાર કર અથવા આ પ્યાલામાં દારૂ છે એને પી લે, અથવા સલીબ (ક્રોસ)ને સજદો કર ! તો એ વ્યકિતએ સૌથી સરળ એ સમજયું કે દારૂ પી નાખે. જેથી એણે દારૂ ગટગટાવ્યો. પછી જ્યારે પીને મસ્ત થઈ ગયો તો ક્રોસ (સલીબ)ને સજદો પણ કર્યો, અને તે છોકરાને પણ મારી નાખ્યો અને સ્ત્રી સાથે વ્યભિચાર પણ કર્યો. અને (મઆઝલ્લાહ) કુરઆનને પણ ફાડી નાખ્યું ! (બયહકી, કબીર ૮/૨૮૮)

**હદીષ–(૩૧)** : હઝરતે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર રદીયલ્લાહુ અન્હોમાથી રિવાયત છે કે હુઝૂર તાજદારે મદીના (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો, કે ત્રણ વ્યકિત એવી છે કે અલ્લાહ અઝ્ઝ વ જલ્લ કયામતના દિવસે એ લોકો તરફ રહમતની નજર નહીં કરે. **(૧)** માં બાપની નાફરમાની કરવાવાળો. **(૨)** દારૂની ટેવવાળો. **(3)** આપીને એહસાન જતાવનાર. (સુનને કુબરા, બયહકી–૮/૨૮૮)

**હદીષ–(૩૨)** : હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાથી મરવી છે કે ફરમાવ્યું, ખમ્ર (દ્રાક્ષનો દારૂ) તો મુખ્યત્વે હરામ કરવામાં આવ્યો છે પછી તે ઓછો હોય અથવા વધારે, અને પીણામાંથી જે પણ નશો લાવે તે પણ. (સુનને કુબરા, બયહકી–૮/૪૯૬)

**હદીષ–(33)** : હઝરત ઈબ્ને ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હુમાથી રિવાયત છે કે ઈરાકના કેટલાક લોકોએ તેમને કહ્યું, અમે ખજૂર તથા દ્રાક્ષના ફળો ખરીદીએ છીએ પછી તેનાથી શરાબ ગાળીએ છીએ પછી તેને વેચીએ છીએ. તો હઝરત અબ્દુલ્લાહએ કહ્યું, હું અલ્લાહ અને તેના ફરિશ્તાઓ અને જે જિન તથા ઈન્સાનમાં સાંભળનારા છે તેઓને ગવાહ બનાવીને કહું છું કે, હું તમને હુકમ નથી આપતો કે શરાબ વેચો અને ન ખરીદો ન ગાળો અને ન પીવડાવો. એટલા માટે કે તે નાપાક છે અને શૈતાની કામ. એટલે કે તેને પીવું શૈતાની કામ છે. (સુનને કુબરા, બયહકી–૨૮૬/૮)

**હદીષ–(૩૪)** : હઝરત અબૂ હુરૈરહ રદીયલ્લાહુ તઆલા અન્હો કહે છે, રસૂલે ખુદા (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ને મેઅરાજની રાત્રે બે પ્યાલા

બયતુલ મુકદસની જગ્યાએ પેશ કરવામાં આવ્યા. એકમાં દારૂ હતો અને બીજામાં દૂધ. હુઝૂરે બંનેવને જોયા અને પછી દૂધને લઈ લીધું. આના પર હઝરતે જિબ્રઈલે ફરમાવ્યું કે અલ્હમ્દોલિલ્લાહ ! અલ્લાહ અઝ્ઝ વ જલ્લએ તમને ફિતરત પર કાયમ રાખ્યા, અને જો તમો દારૂ પસંદ કરી લેત તો તમારી ઉમ્મત ગુમરાહ થઈ જાત. (સુનને બયહકી, ૨૮૬/૮, કિતાબુલ અશરબહ બહવાલા બુખારી) આનાથી ખબર પડી કે દારૂ ફિતરતની વિરૂધ્ધ છે અને એમાં તદ્દન ગુમરાહી છે.

**હદીષ–(૩૫)** : હઝરતે ષાબિત ઈબ્ને ખવલાનીથી મરવી છે, તે કહે છે કે મારો એક કાકો દારૂ પીતો હતો અને સદકો પણ કરતો હતો. મેં એને દારૂ વેચવાથી ના પાડી પણ એણે ન સાંભળ્યું. જ્યારે હું મદીના આવ્યો ત્યારે મેં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાને દારૂ અને એની કિંમતના બારામાં પ્રશ્ન કર્યો, તો એ કહેવા લાગ્યા, **દારૂ અને તેની કિંમત હરામ** છે. પછી ફરમાવ્યું કે હે ઉમ્મતે મોહંમદ ! (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) જો તમારી કિતાબ (કુરઆન) પછી પણ કોઈ કિતાબ હોત અથવા તમારા નબી પછી પણ કોઈ નબી હોત તો તમારા આ મામલા (દારૂ)નું વર્ણન પણ એ જ પ્રમાણે હોત જેવું કુરઆન શરીફમાં છે. તો તમારો મામલો કયામત સુધી ન લંબાત, અને મારી જિંદગીની કસમ ! આ તમારા પર ઘણું સખત હોત. હઝરતે ષાબિત કહે છે કે મેં પછી ઈબ્ને ઉમરથી મુલાકાત કરી અને એમને દારૂની કિંમતના બારામાં પ્રશ્ન કર્યો, તો કહ્યું કે સાંભળો ! હું તમને દારૂના બારામાં બતાવું છું, હું મસ્જિદમાં રસૂલે પાક (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની સાથે હતો. હુઝૂર ગોત લગાવીને બેઠા હતા. પછી સાંભળીને બેસી ગયા. અને ફરમાવવા લાગ્યા, જેની પાસે દારૂ છે લઈ આવે ! લોકો આવવા લાગ્યા, અમુક માટલાં લાવ્યા, અમુક મશક અમુક બીજુ કાંઈ. હુઝૂર સય્યદે દોઆલમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો, બકીઅના મેદાનમાં સર્વ દારૂ ભેગો કરી મને ખબર કરો. હુકમનું પાલન કરવામાં આવ્યું. હુઝૂર ઉભા થયા. હું પણ હુઝૂરની સાથે ચાલવા લાગ્યો, અને હુઝૂરની જમણી બાજુ થઈ ગયો. હુઝૂરે મારાથી ટેકો લીધેલ હતો. એટલામાં હઝરતે અબૂબકર મળી ગયા. હુઝૂરે હઝરત





અબૂબકરને મારા સ્થાને લઈ લીધા. અને મને ડાબી બાજુ કરી દીધો. પછી માર્ગમાં હઝરત ઉમર મળ્યા તો એમને પણ મારા સ્થાને (ડાબી બાજુ) કરી આપ્યા અને મને પાછળ કરી આપ્યો. હવે હુઝૂર દારૂના જથ્થા પર પહોંચ્યા અને લોકોને પ્રશ્ન કર્યો કે જાણો છો આ શું છે ? ઉત્તર મળ્યો, હા ! યા રસૂલલ્લાહ ! આ દારૂ છે. ઈરશાદ ફરમાવ્યો, તમોએ સાચુ કહ્યું ! પછી હુઝૂરે ફરમાવ્યું કે, અલ્લાહ અઝ્ઝ વ જલ્લએ લઅનત કરી છે દારૂ પર અને એના નિચોડવાવાળા પર, અને જેના માટે નિચોડવામાં આવે તેના પર, પીવાવાળા પર, પીવડાવવાવાળા પર એને લાવનારા અને જેના તરફ લઈ જવામાં આવે, એના વેચવાવાળા અને ખરીદવાવાળા અને એની કિંમત ખાનારા પર. પછી હુઝૂરે છરી મંગાવી અને ફરમાવ્યું, એને તેજ (ધારદાર) કરો. લોકોએ તેને તેજ કરી તો હુઝૂર એને લઈને દારૂની મશકોને ફાડવા લાગ્યા. લોકોએ કહ્યું, આ મશકોમાં નફો છે. ફરમાવ્યું કે હું પણ જાણું છું કે નફો છે, પરંતુ હું આવું અલ્લાહ અઝ્ઝ વ જલ્લના ગઝબના કારણે કરું છું કારણ કે એમાં એની નારાજગી છે. હઝરતે ઉમરે અરઝ કરી, યા રસૂલલ્લાહ ! આ કામને કરવા માટે હું પૂરતો છું. હુઝૂરે ફરમાવ્યું કે નહીં ! હું જ (જાતે) એને પુરું કરીશ ! (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) (સુનને કુબરા, ૮/૨૮૭)

આ હદીષથી જેવી રીતે દારૂનુ હરામ હોવું અને એની કિંમતનું હરામ હોવું પુરવાર થયું તેવી જ રીતે એ પણ પુરવાર થયું કે, હુઝૂરે દારૂના મશકોને જાતે જ તેજ છરી લઈ ફાડીને પોતાની સખત નારાજગીનો ઈઝહાર કર્યો, એટલે સુધી કે હઝરતે ઉમરની દરખાસ્ત પર પણ આ કામને એમના હવાલે ન કર્યુ.

**હદીષ–(૩૬)** : હઝરત ઈબ્ને ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હુમાથી રિવાયત છે કે, રસૂલે પાક (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો, હન્તુમ (ઠલ્યા) દુબ્બા (તુમ્બા) અને મુઝફફત (તેલવાળુ વાસણ) અને નકીર જે ખજૂરની લાકડી છોલીને બનાવવામાં આવે છે, એમાં નબીઝ બનાવીને પીવાથી મના કર્યુ. અને હુકમ આપ્યો કે મશકોમાં નબીઝ બનાવવામાં આવે.

**હદીષ–(૩૭)** : હઝરત બુરીદહ રદીયલ્લાહુ તઆલા અન્હોથી રિવાયત છે

કે ફરમાવ્યું, હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ મેં તમોને દારૂનાં વાસણોથી મના કરી હતી. પણ હવે પીઓ સઘળા વાસણોથી પરંતુ નશાવાળી વસ્તુ ન પીઓ. (મુસ્લિમ, તિર્મિઝી, અબૂદાઉદ, ઈબ્ને માજા, નિસાઈ)

પ્રથમ હદીષથી ખબર પડી કે દારૂની ટેવવાળી અરબની કૌમને હુઝૂરે જ્યારે દારૂથી રોકી તો દારૂ માટે વપરાતાં વાસણોથી પણ રોકી દીધી. એટલા માટે કે એના કારણે દારૂની યાદ ન આવે બલ્કે વધુ પ્રમાણમાં દારૂથી નફરત પેદા થઈ જાય. અને એક કારણ એ પણ હોઈ શકે કે કેટલાક બીમાર દિલવાળા એ વાસણોમાં છુપી રીતે દારૂ પીતે અને પૂછતાં કહી આપત કે અમે તો નબીઝ અથવા પાણી પી રહ્યા છીએ ! અને એ રીતે દારૂની સંપૂર્ણ નાબૂદી મુશ્કેલ થઈ જાત. એટલા માટે હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) કે જે રૂહાની દાકતર અને રહમાની હકીમ હતા તેમણે પ્રારંભમાં એવા વાસણોનો વપરાશ પણ મના કરી દીધો પરંતુ પછી છૂટ આપી દીધી, જેમ કે બીજી હદીષથી પુરવાર છે. કારણ કે વાસણો પર પ્રતિબંધનો મકસદ તો હતો જ નહીં. માટે જ્યારે દારૂની હુરમત અને નફરત હઝરાતે સહાબાએ કિરામના દિલોમાં બેસી ગઈ અને કોઈ દિલના રોગીને પણ હવે બહાનાંનો પ્રસંગ પણ ન રહ્યો તો હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ સઘળા વાસણોમાં સર્વ હલાલ વસ્તુઓ ખાવાની છૂટ અર્પણ કરી આપી. પ્રથમ દારૂમાં વપરાતાં વાસણોથી પણ મનાઈ કરી હતી તેનું કારણ એ પણ હોઈ શકે છે કે તે વાસણોમાં દારૂની અસરો બાકી હતી અને તેમાં ખાવા પીવાથી શરાબની અસર થવું જરૂરી હતું. વળી એ કે તે વાસણો નાપાક પણ હતાં, કેમ કે શરાબના નાપાક હોવાનો કુર્આને હુકમ આપી દીધો છે અને તેને સંપૂર્ણપણે પાક કરવું પણ મુશ્કેલ હતું અને સંજોગોને અનુકૂળ પણ ન હતું.

**નોંધ :–** 'નબીઝ' ખજૂર, ખારેક, સૂકી દ્રાક્ષના પાણીને કહેવાય છે જેમાં કોઈ પણ પ્રકારનો નશો ન ઉત્પન્ન થયો હોય. જેમ કે અમુક લોકો આ વસ્તુઓને રાત્રે પલાળીને સવારમાં ખાય છે.

**હદીષ–(૩૮) :** હઝરતે અબૂ મૂસા અશ્અરી રદીયલ્લાહુ તઆલા અન્હોથી રિવાયત છે કે હુઝૂર સય્યદે દો આલમે ઈરશાદ ફરમાવ્યો, **બધી એ વસ્તુઓ**





**જે નમાઝથી ગાફેલ કરી દે (ભૂલાવી આપે) તેને હું હરામ કરી દઉં છું.**

**હદીષ–(૩૯) :** રસૂલે પાક (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) ઈરશાદ ફરમાવે છે કે, દારૂ પીતા સમયે દારૂડીયાનું ઈમાન બરાબર નથી રહેતું.

**હદીષ–(૪૦) :** હુઝૂર સય્યદે દો આલમ ઈરશાદ ફરમાવે છે, જે વ્યભિચાર કરે અથવા દારૂ પીએ તો અલ્લાહ તઆલા એનાથી ઈમાન ખેંચી લે છે જેવું કે માનવી પોતાના માથે થઈને કફની ખેંચી લે.

જુગાર અને દારૂ વિશે તો કુરઆનની આયતથી ખબર પડે છે કે નમાઝથી રોકે જ છે એટલા માટે તે બેહતર રીતે સ્પષ્ટ હરામ છે. અને જે પણ કાર્ય નમાઝથી રોકે અથવા ગફલતમાં નાખે એનો આ જ હુકમ છે. આમાં એ તીવ્ર તમાકુ અને તીવ્ર હુક્કો વિગેરે પણ સામેલ છે જેના વપરાશથી હોશ જતો રહે અને નમાઝ પઢવી મુશ્કેલ થઈ જાય.

## દારૂ હઝરત અલી રદિયલ્લાહુ અન્હોની નજરમાં

હઝરત અલી (રદિયલ્લાહુ અન્હૂ) ઈરશાદ ફરમાવે છે કે, **દારૂ એવું નાપાક છે કે એનું એક ટીપું કોઈ કૂવામાં પડી જાય પછી ત્યાં મિનારો બનાવવામાં આવે તો હું એના પર અઝાન ના કહું. અને જો દરિયામાં દારૂ પડી જાય પછી તે સુકાઈ જાય અને ત્યાં ઘાસ ઉગે તો હું મારા પશુને ત્યાં ન ચરાવું.** (તફસીરે અહમદી, શામી કિતાબુલ અશ્રબહ અઝ તફસીરે નઈમી વ ખઝાઈનુલ ઈર્ફાન) સુબ્હાનલ્લાહ ! ગુનાહથી કેવી નફરત ! અલ્લાહ અઝ્ઝ વ જલ્લ આપણને પણ આવી તૌફીક અતા ફર્માવે. આમીન...

આપથી પ્રશ્ન થયો કે શું દારૂ પીવો વ્યભિચારથી પણ અધિક બુરું છે ? તો ફરમાવ્યું કે, હાં ! નિઃશંક ! દારૂડીયો વ્યભિચાર પણ કરે છે અને દારૂ પણ પીએ છે અને કતલ પણ કરે છે તથા નમાઝ પણ છોડે છે. (કન્ઝુલ ઉમ્માલ)

## ★ દારૂ હઝરત જાફર તય્યારની નજરમાં ★

એક રિવાયતમાં છે કે એક દિવસ હઝરત જિબ્રઈલ અમીને હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની બારગાહમાં અરજ કરી કે, અલ્લાહ

અઝ્ઝ વ જલ્લને હઝરત જાફરે તય્યારના ચાર ગુણો પસંદ છે. હુઝૂરે હઝરત જઅ્ફરથી પૂછયું, જઅ્ફર તમારા તે કયા ચાર ગુણો છે જે પસંદ હોવાનો ઈઝહાર અલ્લાહ અઝ્ઝ વ જલ્લ કરે છે ? તો તેમણે અરજ કરી : **(૧)** મેં કોઈ પણ દિવસે દારૂ નથી પીધો (હરામ થવાના પહેલાં પણ) એટલા માટે કે હું જાણતો હતો કે એનાથી અક્કલ ખતમ થઈ જાય છે અને મારી ઈચ્છા હંમેશ એ હતી કે મારી અક્કલ અધિક તેજ થાય. **(૨)** મેં જાહિલિયતના જમાનામાં પણ કોઈ દિવસ મૂર્તિપૂજા નથી કરી કારણ કે હું જાણતો હતો કે આ પથ્થર છે, ન તો ફાયદો પહોંચાડશે ન તો નુકશાન ! **(૩)** હું કદી ઝિનામાં (વ્યભિચારમાં) પડયો નથી કેમ કે તેને બેશરમીનું કામ સમજતો હતો. **(૪)** હું કોઈ દિવસ જૂઠુ નથી બોલ્યો કારણ કે હું એને કમીનાપણુ ખયાલ કરતો હતો. (ખઝાઈનુલ ઈર્ફાન બહવાલા રૂહુલ બયાન)

## ★ દારૂડીયો અને શબે બરાત ★

ઉમ્મુલ મુઅ્મેનીન હઝરતે આયશા સિદ્દીકા રદીયલ્લાહુ તઆલા અન્હાથી રિવાયત છે કે હુઝૂર સય્યદે દો આલમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે મારી પાસે હઝરત જિબ્રઈલ અલયહિસ્સલાતો વત્તસ્લીમ આવ્યા અને કહ્યું કે આ શાબાનની પંદરમી રાત છે, એમાં અલ્લાહ અઝ્ઝ વ જલ્લ દોઝખથી એટલા લોકોને આઝાદ કરે છે જેટલા બની કલબ (કબીલા)ની બકરીઓના બાલ છે. પરંતુ કાફિર, દુશ્મની કરવાવાળા અને સંબંધ તોડનાર અને કપડાને ઘુંટીથી નીચે લટકાવનારા અને માં બાપની નાફરમાની કરનારા, અને દારૂની આદતવાળા તરફ રહમતની નજર નથી ફરમાવતો. (બયહકી)

હઝરત ઈમામ અહમદે ઈબ્ને ઉમર રદિયલ્લાહુ તઆલા અન્હુમાથી રિવાયત કરી એમાં ખૂનીનું પણ વર્ણન છે. (બહારે શરીઅત, ભાગ–૫, પેજ–૧૩૮)

**તાડી :–** તાડીને પીવી એનો ધંધો કરવો એને ખાવા તથા ચોપડવાની દવાઓમાં મિલાવવું પણ હરામ છે. અને દારૂ તથા તાડી બંનેવ નાપાક છે. જો એ શરીર તથા કપડા પર લાગી જાય તો બંનેવ નાપાક થઈ જશે. અને જો દારૂ તથા તાડીનું એક ટીપુ પણ કૂવામાં પડી જાય તો કૂવો નાપાક થઈ





જશે, પાક કરવા માટે બધું જ પાણી કાઢવું પડશે. આ જ હુકમ દારૂ તથા તાડી લાગેલી ડોલનો પણ છે.

**હેરોઈન મારફીયા :–** અફીણ તથા ભાંગ (એક જાતની નશાકારક પત્તી) હેરોઈન પણ નાજાઈઝ છે, કારણ કે એ પણ અફીણથી જ ઉત્પન્ન થાય છે અને એનાથી વધુ નશાવાળી છે એટલા માટે એનો હુકમ તો એનાથી વધુ સખત હોવો જોઈએ.

**આલ્કોહોલ વિશે હુકમ :–** વર્તમાનકાળમાં અંગ્રેજી દવાઓમાં ખાસ કરીને આલ્કોહોલ હોય છે અને એ વાત નિશ્ચિત છે કે આલ્કોહોલ શરાબ છે અને શરાબ નાપાક તથા હરામ છે. તો હવે પ્રશ્ન એ થાય છે કે એને દવાઓમાં સામેલ કરવું અથવા તેનાથી બનેલી દવાઓને વાપરવી કેવું ગણાશે ?....અસલ હુકમ તો એ જ છે કે નાજાઈઝ છે પરંતુ આજકાલ અંગ્રેજી દવાઓથી બચી શકાતુ નથી, એના વપરાશમાં આમ તથા ખાસ સૌ સંડોવાયેલા છે. એટલા માટે કેટલાક ઉલમાએ છૂટ માટેની અમુક દલીલો બયાન કરી છે. દા. ત. એટલા માટે જાઈઝ છે કે હરામ ચીજો પણ કેટલાક ઈમામોની નજીક દવાઓના રૂપે જરૂર પૂરતી વાપરી શકાય છે. સામાન્યતઃ વિવિધ મંતવ્યો કોઈ ચીજ બાબતે હોય તો જાઈઝનું પાસુ અપનાવવામાં આવે છે. આલ્કોહોલ જો કે શરાબ છે પર દ્રાક્ષમય શરાબ નથી અને અન્ય શરાબોની હુર્મત તથા નાપાકી ઝન્ની (ધારેલી) છે. જેમાં મુસલમાનોની સહુલત ખાતર ઘટાડાની ગુંઝાઈશ છે. જેથી આવા આધારે ઈજાઝત આપી શકાય છે પણ ખરેખર રીતે તો કાળજી રાખી બચવું જ બેહતર છે અને તકવાથી અધિક નજીક છે.

## ★ શરાબ હરામ થવાની તારીખ ★

શરાબ હિ. સ. ૩ માં ગઝવએ અહઝાબના થોડાક દિવસો બાદ હરામ કરવામાં આવી. એના પહેલાં એ બતાવવામાં આવ્યું હતું કે જુગાર અને દારૂનો ગુનોહ તેના લાભો કરતાં અધિક છે. લાભ તો એ જ દારૂ થોડી વારના માટે આનંદ (મસ્તી) પેદા કરે છે અથવા તેના ખરીદ વેચાણમાં થોડોક વેપારી લાભ છે અને જુગારમાં કયારેક મફતમાં માગ હાથ લાગે છે. જ્યારે ગુનાહોની ખરાબીઓની શું ગણત્રી ! બુધ્ધિ જતી રહેવી, શરમનુ

નાશ પામવું, ઈબાદત તથા ઝિક્રે ઈલાહીથી મેહરૂમી, લોકોથી અદાવતો થવી, સૌની નજરમાં હલકા પડવું, માલ દૌલતની મફતમાં બર્બાદી...મતલબ કે હજારો ખરાબીઓ છે જેને અક્કલ સારી પેઠે સમજી શકે છે. (ખઝાઈન)

મદારિજુન્નબુવ્વતમાં છે કે કેટલાકે ચોથે, છટ્ઠે અને કેટલાકે આઠમા વરસે શરાબ હરામ થવા વિશે દર્શાવ્યું છે.

## ★ મસ્અલાઓ ★

મુસલમાન, અક્કલવાળા, બાલિગ (પુખ્ત) નાતિક (જે ગુંગો ન હોય) મજબૂરીએ તથા વિના જબરદસ્તી દારૂનુ એક ટીપુ પણ પીએ તો એને હદ (સજા) કરવામાં આવશે. એટલે કે એને ૮૦ કોરડા મારવામાં આવશે. નશાની હાલતમાં સજા ન કરે બલ્કે નશો ખતમ થઈ ગયા પછી સજા કરે. જો નશાની હાલતમાં સજા કરી તો પછી ફરીથી સજા કરે. **નશામાં** એ સર્વ હુકમો લાગુ પડશે જે હોશમાં લાગુ પડે છે, જેમ કે **પોતાની સ્ત્રીને તલાક આપી તો તલાક થઈ ગઈ.** અથવા પોતાનો કોઈ માલ વેચ્યો તો વેચાણ થઈ જશે. કેવળ અમુક વાતોમાં એનો હુકમ અલગ છે. જો કોઈ કુફ્રી કથન બોલ્યો તો એના પર મુર્તદ હોવાનો હુકમ નહીં કરવામાં આવે એટલે કે એની સ્ત્રી એ રીતે કુફ્ર બકવાથી એના નિકાહમાંથી નહીં નીકળે. રહ્યું એ કે તે અલ્લાહ અઝ્ઝ વ જલ્લના નજીક કાફિર થયો કે નહીં ? તો જો જાણી બુઝીને બોલ્યો છે તો જરૂર અલ્લાહ અઝ્ઝ વ જલ્લની નજીક કાફિર છે, નહીં તો નહીં. ભાંગ, અફીણ પીને નશો આવે તો હદ લાગુ થશે નહીં, પણ સજા કરવામાં આવશે અને નશાની હાલતમાં તલાક આપી તો પડી જશે જ્યારે કે નશા માટે વાપર્યું હોય અને જો ઈલાજના રૂપે વાપર્યુ અને એના નશામાં તલાક આપી તો ન પડી. (બહારે શરીઅત)

**ચેતવણી :–** હદ (ઈસ્લામે નક્કી કરેલ સજા) લાગુ પાડવા માટે ઈસ્લામી શાસન હોવું અનિવાર્ય છે. અહીંયાં હિન્દુસ્તાનમાં ઈસ્લામી શાસન નથી જેથી અહીંયાં મુસ્લિમોએ એટલુ જરૂર કરવું જોઈએ કે **દારૂડીયા અને જુગારીઓનો બોયકોટ કરે, એટલે કે એમની સાથે ઉઠવું, બેસવું, ખાવું, પીવું ત્યજી દે અને એ લોકોના પ્રસંગોમાં ન જાય,** અને જો એવું ન કર્યુ તો સર્વ લોકો ગુનેહગાર થશે અને સજાના મુસ્તહિક થશે. આજે





બુરાઈઓ એટલા માટે પ્રગતિ કરી રહી છે કે દરેક એવું વિચારે છે કે આપણે શું ? એનો ગુનોહ એના માથે ! અને એમની સાથે જે વર્તાવ કરવો જોઈએ તે નથી થતો, પણ આવું વિચારવું ગલત છે. એ લોકોથી દૂર રહેવું જરૂરી છે. કુરઆને આવા જાલિમ ગુનેહગારોથી બચવાનો હુકમ આપ્યો. ઈરશાદ થાય છે,

**અર્થ :** "તો યાદ આવ્યા પછી જાલિમો પાસે ન બેસ." (કન્ઝુલ ઈમાન)

આમાં સર્વ ગુનેહગારો સામેલ છે. મુખ્યત્વે કબીરા ગુનાહ કરનારા એનાથી નેકોએ જુદા રહેવું જરૂરી છે. એટલા માટે કે એ લોકો પર જે અલ્લાહ અઝ્ઝ વ જલ્લનો અઝાબ ઉતરે એનાથી બચી જાય અને એ લોકોની બુરી સોહબતમાં અસર પણ ન લે. અને જ્યારે એ લોકોથી દૂર રહીશું તો એમાં એ લોકોને ચેતવણી થાય અને શકય છે કે એનાથી બોધ લઈ સુધરવાનો પ્રયત્ન કરી આવી ગુનાહિત વસ્તુઓ છોડી આપે. (અઝ : કિતાબ–**"શરાબ ઔર ઉસ્કે નુકસાન"** લેખક : હઝરત મૌલાના અબ્દુલમુબીન નોઅમાની સાહબ)

# જે બોલવાથી ખૂદ બચો તથા બીજાંને બચાવો !

## ★ કેટલીક કુફ્રી વાણી ★

વર્તમાનકાળમાં જેહાલત તથા પશ્ચિમી મોર્ડન કુસંસ્કૃતિની નહૂસતને લીધે કેટલાક સ્ત્રી પુરૂષો એટલી હદે બેલગામ છે કે જે મોઢામાં આવે તે ભસી નાખે છે. કયારેક હંસી મજાકમાં કયારેક ગુસ્સાના આવેશમાં, કયારેક હોશિયારી દેખાડવાના વહેમમાં એવાં વાકયો મોઢેથી કાઢે છે કે કાફિર થઈ જાય છે. અને તેમનો નિકાહ તૂટી જાય છે પણ તેમને ખબર પણ નથી પડતી કે પોતે કાફિર થઈ ગયા અને નિકાહ તૂટી ગયા છે ! અમે અહીં અમુક કુફ્રી વાકયો લખીએ છીએ જેથી એ વાકયોથી લોકો પોતે પણ બચે અને અન્યોને પણ બચાવે અને ખુદા ન ખ્વાસ્તા કુફ્રી વાકયો કોઈના મોઢેથી નીકળી જાય તો તુરત જ તૌબા કરી નવેસરથી કલમો પઢીને મુસલમાન બની જાય અને નિકાહ પણ દોહરાવી લે, આ નિકાહમાં ઈદ્દતની જરૂર નથી. નકલે કુફ્ર–કુફ્ર ન બાશદ.

મસ્અલા :– દારૂ પીતી વખતે કે જુગાર રમતી વેળા કે ઝિના વ્યભિચાર

કરતી વખતે બિસ્મિલ્લાહ શરીફ પઢવું કુફ્ર છે.

મસ્અલા :– જે શખ્સ એવું કહે કે હું શરીઅતને નથી માનતો અથવા શરીઅતનો કોઈ હુકમ અથવા કોઈ સુન્ની મુસલમાનનો ફત્વો સાંભળીને એવું કહે કે આ બધી હવાઈ વાતો છે ! અથવા એવું કહી આપે કે શરીઅતના હુકમ અને ફત્વાને ચૂલામાં નાખો ! અથવા કહી દે કે હું શરઅ વરઅ (શરીઅત બરીઅત)ને નથી જાણતો કે જાણતી અથવા પતિએ પત્નીને હરામ કામથી રોકી, ફોટા પડાવવાથી કે ફિલ્મ જોવાથી કે બેપર્દા રહેવાથી રોકી તો પત્નીનું એવું કહેવું કે, "બીજી બધી ઔરતો પણ એવું કરે છે ! આગ લાગી ! શરીઅત કેવળ મારા માટે જ રહી ગઈ છે ! અથવા કહી દે કે અમે શરીઅત પર અમલ કરીશું નહીં ! અમે તો બિરાદરીના રિવાજો પર અમલ કરીશું ! અથવા કહી દે કે બિસ્મિલ્લાહ, સુબ્હાનલ્લાહ એ કાંઈ રોટીની જગાએ કામ નહીં આવે ! અમારે તો રોટલા જોઈએ ! તો એવું કહેનાર કાફિર થઈ જાય છે.

મસ્અલા :– જે વ્યકિતને પોતાના ઈમાનમાં શક હોય એટલે કે કહે છે કે મને પોતાના મુસલમાન હોવાનું યકીન નથી ! અથવા કહે છે કે ખબર નહીં હું મુસલમાન છું કે કાફિર ?! તો તે કાફિર છે. અલબત્ત જો તેનો મતલબ એ હોય કે ખબર નહીં મારો ખાતમો ઈમાન પર થશે કે નહીં ?! તો કાફિર નથી. જે શખ્સ ઈમાન તથા કુફ્રને એક સમજે એટલે કે એવું કહે કે બધું બરાબર છે ! ખુદાને બધુ પસંદ છે ! તે કાફિર છે.

મસ્અલા :– એક શખ્સ ગુનોહ કરે છે તો લોકોએ તેને રોકયો. તો કહેવા લાગ્યો, ઈસ્લામનું કામ આવી રીતે કરવું જોઈએ ! એટલે કે જે ગુનાહને ઈસ્લામ કહે તે કાફિર છે. એ જ પ્રમાણે કોઈએ કોઈને કહ્યું કે હું મુસલમાન છું ! તો તેણે કહ્યું કે "તારા ઉપર લઅ્નત અને તારા ઈસ્લામ ઉપર પર લઅ્નત !" તો આવું બોલનારો કાફિર છે. (આલમગીરી)

મસ્અલા :– જો એવું કહ્યું કે, ખુદા પણ મને આ કામ માટે હુકમ આપે તો પણ ન કરું ! તો એવું કહેનાર કાફિર છે. એ જ પ્રમાણે એકે બીજાને કહ્યું કે હું તથા તુ ખુદાના હુકમ પ્રમાણે કામ કરીએ તો બીજાએ કહ્યું કે હું ખુદાના હુકમને નથી જાણતો અથવા કહ્યું કે અહીં કોઈનો હુકમ નથી ચાલતો ! તો





એવું કહેનાર કાફિર છે (આલમગીરી)

મસ્અલા :– એકે બીજાને કહ્યું કે, તારી સ્ત્રી પર કાબૂ નથી રાખતો ?તો તેણે કહ્યું કે ઔરતો પર ખુદાને કુદરત નથી તો મને કયાંથી હોય ? એવું કહેવું કુફ્ર છે.

મસ્અલા :– કોઈને કહ્યું કે ગુનોહ ન કરો નહીં તો ખુદા તમને જહન્નમમાં નાખશે. તો તેણે કહ્યું, હું જહન્નમથી નથી ડરતો ! અથવા કહ્યું કે મને ખુદાના અઝાબની કાંઈ પરવા નથી ! આવું કહેનાર કાફિર છે. (આલમગીરી)

મસ્અલા :– અંબિયા (અલૈહિમુસ્સલાતુ વસ્સલામ)ની તૌહીન કરવી, તેમની જનાબમાં મામૂલી સરખી પણ ગુસ્તાખી કરવી અથવા તેમને ગંદી વાતો તથા બેહયાઈ તરફ સંબંધિત કરવા કુફ્ર છે. દા. ત. મઆઝલ્લાહ યૂસુફ અલૈહિસ્સલામને ઝિના પ્રતિ સંબંધિત કરવા, કુફ્ર છે.

મસ્અલા :– જે પોતાને કહે કે હું પયગંબર છું અને તેનો મતલબ એ બનાવે કે હું પયગામ પહોંચાડુ (સંદેશવાહક) છું, તે કાફિર છે. એટલે આવી તાવીલ (અર્થઘટન) સ્વીકાર્ય નથી, કેમ કે ઉર્ફમાં આ પયગંબર શબ્દ નબી તથા રસૂલના અર્થમાં આવે છે. (આલમગીરી)

મસ્અલા :– વાજિંત્રો સાથે કુર્આન પઢવું કુફ્ર છે.

મસ્અલા :– કોઈને નમાઝ પઢવા માટે કહ્યું તો તેણે જવાબ આપ્યો કે, નમાઝ પઢુ તો છું પણ તેનું કાંઈ પરિણામ નથી ! અથવા કહ્યું કે, બહું પઢી શું ફાયદો થયો ?! નમાઝ પઢીને શું કરું ? કોના માટે પઢું ? મા બાપ તો મરી ગયાં ! અથવા એવું કહેવું કે બહું પઢી ! દિલ ગભરાઈ ગયું છે ! અથવા કહ્યું, પઢવું ન પઢવું બંને સરખુ છે ! મતલબ કે આવા પ્રકારના શબ્દો કહેવા જેનાથી ફર્ઝીયતનો ઈન્કાર સમજાતો હોય અથવા નમાઝને હલકી દર્શાવાતી હોય તો એ સર્વ કુફ્ર છે. (બહારે શરીઅત)

મસ્અલા :– મુસલમાનને કુફ્રી શબ્દોની તાલીમ તથા તલકીન કરવી કુફ્ર છે, ભલે પછી ખેલમાં કે ગમ્મતમાં એવું કરે. એ જ પ્રમાણે કોઈની પત્નીને કુફ્રની તાલીમ કરી કે તુ કાફિર થઈ જા જેથી પતિથી પીછો છૂટે ! તો ઔરત એવું કરે કે ન કરે પણ કહેનાર કાફિર થઈ ગયો. (ખાનિયહ, બહારે શરીઅત)

મસ્અલા :– જો સ્ત્રીએ કુફ્રી વાણી બોલી તો તૌબા અને ઈસ્લામ લાવ્યા બાદ પ્રથમ પતિ સાથે જ નિકાહ માટે મજબૂર કરવામાં આવશે, એવું નથી થઈ શકતુ કે બીજા સાથે નિકાહ કરે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા :– જો મર્દથી એવી વાત થઈ જાય જે યકીની કુફ્ર હોય તો ઔરતનો નિકાહ તૂટી જશે. પછી મર્દ ઈસ્લામ લાવ્યા પછી જો ઔરત રાજી હોય તો જ બીજી વખત એનાથી નિકાહ કરી શકાય છે, નહિ તો જ્યાં પસંદ આવે ત્યાં કરી શકે છે. એનો કોઈ હક નથી કે ઔરતને બીજાની સાથે નિકાહ કરવાથી રોકે અને જો ઈસ્લામ લાવ્યા પછી ઔરતને (નિકાહ દોહરાવ્યા વિના) પહેલાંની જેમ રાખી લીધી, બીજી વખત નિકાહ ન કર્યો તો જે સંભોગ થશે તે ઝિના ગણાશે અને બાળકો હરામનાં થશે. (દુર્રે મુખ્તાર, બહારે શરીઅત, ભાગ–૯)

મસ્અલા :– જો તૌબા કરી ઈસ્લામ કબૂલ ન કરે, તો મુરતદના નિકાહ થતા નથી. એ કોઈ ઔરતથી નિકાહ કરી શકતો નથી, ન મુસલમાનથી ન કાફિર ઔરતથી ન મુરતદ વગેરેથી. (આલમગીરી)

હદીષ :– અબ્દુલ્લાહ બિન મસ્ઊદ રદિયલ્લાહો તઆલા અન્હોથી મરવી છે કે રસૂલ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફરમાવ્યું, જે મુસલમાન અલ્લાહનું એક હોવાની અને મારી નબુવ્વતની ગવાહી આપે છે એનું લોહી હલાલ નથી, પણ એ ત્રણ કારણથી (૧) એ કોઈને કતલ કરે. (૨) પરણેલ ઝાની. એટલે કે પરણિત હોય અને ઝિના કરે. (૩) અને ઈસ્લામથી નીકળી જવાવાળો મુરતદ. (બુખારી, મુસ્લિમ)

મુરતદ :– મુરતદ એ માણસ છે જે ઈસ્લામ પછી કોઈ વાતનો ઈન્કાર કરે જે જરૂરિયાતે દીનમાંથી હોય. એટલે કે જબાનથી કુફ્રી વાત બોલે જેમાં સહીહ તાવીલની ગુંજાઈશ ન હોય, તે જ પ્રમાણે અમુક અમલો પણ. જેવું કે ઝિયાઉલ હક્કે બર્માના બુધ્ધોના બે હજાર વર્ષ જુના બુત (મૂર્તિ) પર ફૂલ ચઢાવ્યાં અને સોનાની મૂર્તિ પર સોનાની ભેટ ચઢાવી, મુરાદ અને મન્નત પૂરી થવાને માટે ચાલીસ મણનો ઘંટ ત્રણ વખત પોતે વગાડયો અને પ્રતિનિધિમંડળના સભ્યોને પણ હુકમ આપીને વગાડાવ્યો ! વગેરે વગેરે.

મસ્અલા :– એ ફિરકાઓ જે પોતાની જાતને મુસલમાન કહેવડાવે છે





અને કલમો ઈસ્લામનો પઢતા હોય અને જીભથી કુફ્રી વાતો બોલે અને દિલથી કબૂલે અથવા પોતાની કિતાબોમાં કુફ્રી વાતો લખતા હોય કે એવું લખવાવાળાઓને પોતાના પેશ્વા કે રહનુમા માનતા હોય કે **માત્ર કેવળ મુસલમાન પણ જાણતા હોય** એને મુરતદ કહેવાનો હુકમ છે.

મસ્અલા :– જે ઠઠ્ઠા મશ્કરી રૂપે કુફ્ર કરશે એ પણ મુરતદ થઈ જશે, અને ભલે એવું કહે કે પોતે એવું માનતો નથી. (દુર્રે મુખ્તાર) **જેમ કે ફિલ્મોમાં કે ડ્રામામાં એકટીંગ કરવા માટે પૂજા કરે** કે **કુફ્ર બોલે** તો એ જ હુકમમાં ગણાશે.

મસ્અલા :– અસલી કાફિર કરતાં પણ મુર્તદના માટે સખત હુકમો છે.

મસ્અલા :– મુરતદને કેદ કરવો અને ઈસ્લામ કબૂલ ન કરવા પર કતલ કરી નાખવો બાદશાહે ઈસ્લામનું કામ છે. ઈસ્લામનો હાકિમ એના પર ઈસ્લામ પેશ કરે અને એ કંઈ શંકા કરે તો એનો જવાબ આપે, અને મોહલત માગે તો ત્રણ દિવસ કેદમાં રાખે અને દરરોજ ઈસ્લામ કબૂલ કરવાનું કહે. આમ જ જો એને મોહલત ન માગી પણ ઉમ્મીદ હતી કે ઈસ્લામ કબૂલ કરી લેશે તો પણ ત્રણ દિવસ કેદમાં રાખવામાં આવશે. અને જો મુસલમાન થઈ જાય તો ઠીક અને ન થાય તો કતલ કરી દેવામાં આવે.

મસ્અલા :– મુરતદનું જબહ કરેલ મુરદાર છે, ભલે એણે બિસ્મિલ્લાહ પઢીને જબહ કર્યું હોય તો પણ. (આલમગીરી) જેથી **વહાબીનું જબહ કરેલ મુરદારના હુકમમાં છે.**

મસ્અલા :– મુરતદ કોઈ મામલામાં ગવાહી નથી આપી શકતો અને કોઈનો વારસ થઈ શકતો નથી. અને જેટલો સમય એ મુરતદ રહ્યો એમાં એણે જે કમાયું એનું કોઈ વારસ થઈ શકતું નથી. (દુર્રે મુખ્તાર, રદુલ મુહતાર)

મસ્અલા :– જે શખ્સ હુઝૂર (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)ની તરફ સંબંધિત કોઈ ચીજની ગુસ્તાખી કરે કે ઐબ લગાડે જેમ કે એમના મુકદસ 'બાલ મુબારક' ને તુચ્છતાથી યાદ કરે, હકીર સમજે કે આપના મુબારક નખોને મોટા મોટા કહે, અથવા આપના 'લિબાસ મુબારક'ને ગંદો મેલો કહે અથવા હુઝૂર (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)ની સુન્નતને

હકીર (હલકી) સમજે જેમ કે દાઢી વધારવી, મૂછો કમ કરવી, અમામા શરીફ બાંધવો, અમામાનો શિમલો લટકાવવો અને દૂધીને એ કારણથી નાપસંદ કહેવું કે હુઝૂરને પસંદ હતી તો **એવા લોકો કાફિર થઈ જશે.** આમ જ કોઈએ કહ્યું કે હુઝૂર (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) ખાણુ જમ્યા પછી ત્રણ વખત મુબારક આંગળીઓ ચાટી લેતા હતા, એના પર કોઈએ કહ્યું કે એ અદબની વિરુધ્ધ છે, તો એવું કહેવું પણ ઉલમાએ કિરામની નજીક કુફ્ર છે. અને એ એટલા માટે કે કોઈ સુન્નત પર અમલ ન કરવો સુન્નતના સવાબથી વંચિત રહેવું છે પણ એની મજાક ઉડાવવી અને હલકી સમજવી કુફ્ર છે.

મસ્અલા :– કુર્આન શરીફની કોઈ આયતની સાથે મશ્કરી કરવી કુફ્ર છે, જેમ કે અમુક દાઢી મુંડાવેલ કહ્યા કરે છે કે કુર્આનમાં **કલ્લા સવ્ફ તઅ્લમૂન** આવ્યું છે. અને અર્થ એવો બતાવે છે કે "સાફ કરાવતા રહો !" અથવા એકલા નમાઝ પઢવાવાળા કહ્યા કરે છે કે **ઈન્નસ્સલાત તન્હા** અને અર્થ એવો બતાવે છે કે "નમાઝ એકલા પઢયા કરો !" આ વાતોને બોલી જવાથી માણસ કાફિર થઈ જશે. કેમ કે કુર્આન શરીફનો અર્થ બદલી નાખવો પણ છે અને એની સાથે મશ્કરીપણું, મજાક અને દિલ્લગી પણ. એવી જ રીતે ભૂખની તકલીફ વખતે કહેવું કે "મારા આંતરડા **કુલહોવલ્લાહ** પઢી રહ્યા છે !" કહેવું કુફ્ર છે. (મઆઝલ્લાહ)

મસ્અલા :– રમઝાનના રોઝા ન રાખવાને એવું કહેવું કે રોઝા એ રાખે જેને રોજી ન મળે, અથવા એવું કહેવું કે જ્યારે ખુદાએ અમોને ખાવા દીધું છે તો ભૂખે શા માટે મરવું ?! અથવા આ પ્રકારની બીજી વાતો બકી કાઢે જેનાથી રોઝાની હાંસી થાય કે તુચ્છતા માલૂમ પડે એ કુફ્ર છે.

મસ્અલા :– કોઈ મિસ્કીને (ફકીરે) પોતાની મોહતાજી અને પરેશાની પર એવું કહ્યું કે હે ખુદા ફલાણો પણ તારો બંદો છે એને તેં કેટલી નેઅમતો આપી છે. અને હું પણ તારો બંદો છું મને કેટલો બધો રંજ અને તકલીફ આપે છે ! આ તે કંઈ તારો ઈન્સાફ છે ?! એવું કહેવું કુફ્ર છે.

મસ્અલા :– કોઈ પ્રતિષ્ઠિત કે માલદાર માણસ કે હાકિમને પોતાના પ્રતિ ધ્યાન કરે એ માટે લોકો કહી દે છે કે "ઉપર ખુદા છે અને નીચે તમે !"





એ કુફ્રી વાત છે. (ખાનિયહ) કેમ કે ખુદાના માટે હદ મુકર્રર કરવી કે કોઈ ખાસ જગા બતાવવી કુફ્ર છે.

મસ્અલા :– કોઈએ કહ્યું કે ઈન્શાઅલ્લાહ તમે એ કામને કરશો, એણે કહી દીધું કે "અરે ! હું વગર ઈન્શાઅલ્લાહ કરીશ !" તો એવું કહેનાર કાફિર થઈ ગયો.

મસ્અલા :– કોઈ માણસ બીમાર નથી થતો કે ઘણો ઘરડો છે મરતો નથી, એના માટે એવું કહેવું કે એને "અલ્લાહમિયાં ભૂલી ગયા છે !" અથવા કોઈ લાંબી જબાનવાળાને એવું કહેવું કે, "ખુદા જ તમારી જીભનો મુકાબલો કરી નથી શકતો તો પછી હું કેવી રીતે મુકાબલો કરી શકું ?!" અલ્લાહ તઆલાના માટે બંને પ્રકારના શબ્દો બોલવા કુફ્ર છે.

મસ્અલા :– એકે બીજાથી કહ્યું કે તુ ખુદાથી નથી ડરતો ? એણે ગુસ્સામાં કહ્યું "ના !" કે પછી કહ્યું કે, "ખુદા એના સિવાય બીજુ શું કરે છે કે દોઝખમાં નાખી દે ?" અથવા એણે કહ્યું,"ખુદા કયાં છે ?!" આ બધી કુફ્રી વાતો છે. (આલમગીરી)

મસ્અલા :– અલ્લાહ અઝ્ઝ વ જલ્લના નામને તુકારવાચક બોલવું કુફ્ર છે. જેવું કે કોઈનું નામ **અબ્દુલ્લાહ** યા **અબ્દુલ્ ખાલિક** કે **અબ્દુલ રહમાન** હોય એને બોલાવવામાં છેલ્લે **'અલિફ'** વગેરે હુરૂફ મિલાવી દે જેનાથી તુકારવાચક થઈ જાય છે. (બહરુર્રાઈક)

મસ્અલા :– બીમાર અવસ્થામાં અલ્લાહ તઆલાને કહેવા લાગે કે "તને ઈખ્તિયાર છે, તુ ઈચ્છે તો કાફિર માર કે મુસલમાન માર !" એવું કહેવું કુફ્ર છે. (સુન્ની બહિશ્તી ઝેવર, સફા–૫૧૧) કુફ્ર પર રઝામંદી કુફ્ર છે. આમ મુસીબતોથી ગભરાઈને એવું કહેવું કે, "તેં માલ લીધો, ઔલાદ લીધી અને આ લીધુ, પેલુ લીધુ, હવે શું કરીશ ?!" એવો બકવાસ કરવો કુફ્ર છે.

મસ્અલા :– ઔલાદ વગેરેના મરણ પર રંજ અને ગુસ્સામાં આવા પ્રકારની બોલી બોલવા લાગે કે, "ખુદાને બસ મારો બેટો જ મારવા માટે મળ્યો હતો ! અથવા દુનિયાભરમાં મારવા માટે મારા બેટા સિવાય ખુદાને બીજુ કોઈ મળતુ જ ન હતું ! અથવા ખુદાએ આવો જુલ્મ ન કરવો જોઈતો

હતો ! અલ્લાહે ઘણુ જ ખોટું કર્યું કે મારા એકના એક બેટાને મારીને મારા ઘરને અંધકારમય કરી દીધું !" એવા પ્રકારની બોલીઓ બોલી દેવાથી મર્દ, ઔરત કાફિર થઈ જાય છે.

મસ્અલા :– રુસુલુલ્ મલાએકા (ફરિશ્તાઓના રસૂલ) હઝરત જિબ્રઈલ અલયહિસ્સલામ કે હઝરત ઈઝરાઈલ અલયહિસ્સલામ કે બીજા કોઈ અલ્લાહના ફરિશ્તાની જરાક જેટલી પણ ગુસ્તાખી કુફ્ર છે. જેમ કે કોઈની લાલ ટેન અથવા લાલ ટેનના ભડકવાને (ફાનસ ભડકવાને) એવું કહેવું કે એની ઈઝરાઈલ રૂહ કબ્ઝ કરી રહ્યા છે ! અથવા કોઈ જાહિલ પોતાના કોઈ દુશ્મન કે ડાકૂને જોઈને ગુસ્તાખીની નિયતથી કહી દે કે "મલકુલ મોત આવી ગયા !" તો એ કાફિર થઈ જશે.

મસ્અલા :– ઈસ્લામમાં શક કરવો અને એવું કહેવું કે, "ખબર નહીં કે હું મુસલમાન છું કે કાફિર ! અથવા પોતાના મુસલમાન હોવા પર અફસોસ કરવો, જેમ કે એવું કહેવું કે, હું મુસલમાન થઈ ગયો એ સારું ન થયું ! કદાચ હું હિન્દુ હોત કે ઈસાઈ હોત તો ઘણું સારું હતું ! અથવા કુફ્ફારના ધર્મને સારો બતાવવો અથવા કુફ્રની વાતને સારી સમજવી, અથવા કોઈને કુફ્રી વાત શીખવવી કે પછી એવું કહેવું કે **ન હું હિન્દુ છું ન મુસલમાન ! હું તો ઈન્સાન છું !** અથવા એવું કહેવું કે ન હું મસ્જિદથી સંબંધ રાખુ છું ન મંદિરથી ! અથવા એવું કહેવું કે મસ્જિદ અને મંદિર બંને ઢોંગ છે ! હું કોઈને નથી માનતો ! અથવા એવું કહેવું કે કા'બા તો મામૂલી પથ્થરોનું એક જૂનું ઘર છે ! એમાં શું રાખેલ છે કે હું એની ઈજ્જત કરું ! અથવા એવું કહેવું કે નમાઝ પઢવી બેકાર માણસોનું કામ છે ! અમોને નમાઝનો કંઈ ટાઈમ છે ?! અથવા અઝાનનો અવાજ સાંભળીને એવું કહેવું કે શું ફોગટ શોર મચાવી રાખ્યો છે ?! અથવા એવું કહેવું કે નમાઝ પઢવી ન પઢવી બંને બરાબર છે. અથવા એવું કહેવું કે નમાઝ પઢવાનું કોઈ પરિણામ નથી ! ઘણી પઢી લીધી શું ફાયદો થયો ?! અથવા એવું કહેવું કે હું તો માત્ર રમઝાનમાં નમાઝ પઢું છું બાકી દિવસોમાં મેં ન કદી પઢી છે ન પઢીશ ! અથવા એવું કહેવું કે નમાઝ મને માફક નથી આવતી જ્યારે હું નમાઝ પઢું છું તો કોઈ ન કોઈ નુકશાન જરૂર થાય છે ! અથવા એવું કહેવું કે ઝકાત ખુદાનો ટેકસ





(વેરો) છે ! જે મૌલાના લોકોએ માલદારો પર લગાડી રાખ્યો છે ! અથવા એવું કહેવું કે હજ તો એક હરવા ફરવાની સફર છે અથવા બ્લેક મારકેટનો ધંધો છે ! હું એવું કામ શા માટે કરું ?! વગેરે વગેરે એવા પ્રકારની બધી બકવાસ ખુલ્લમખુલ્લા કુફ્ર છે, આ બધી બોલીઓથી માણસ કાફિર થઈ જશે. (બહવાલા કિતાબ 'શાદીકા તોહફા' અઝ–અનીસ અહમદ નૂરી)

**ચેતવણી :–** વળી અમારી પાસે એ બાબતના પણ મર્કઝી દારુલ ઈફતા–બરૈલી શરીફના ફત્વા છે કે કોઈ **પેન્ટર** કે **આમ માણસ** હિંદુઓનો નારો 'જય અંબે કે જય ફલાણા....અથવા અન્ય કુફ્રી વાતો' ચીતરે તો એ પણ કુફ્ર છે. તેમજ કોઈ મસ્તીમાં પણ એવું કહે કે, "હવે તો અલ્લાહ જૂઠુ બોલવાનું કહે છે !" (મઆઝલ્લાહ !) અથવા જે કૌમી એકતાના વહેમમાં કહે કે "અલ્લાહ–ભગવાન, રામ–રહીમ એક છે" તો એવું કહેનાર કાફિર થઈ જશે. અથવા કોઈ હિંદુ તમને કહે "જય.....!" અને જય પછી તેના ભગવાનનું કે દેવ દેવીનું નામ બોલે અને તમે પણ તેને ખુશ કરવા કે અમસ્તા પણ એવું જ બોલો તો એ કુફ્ર છે.

## ★ કેટલાક ગંભીર મસાઈલ ★

વર્તમાનકાળમાં ઘરે ઘર ટી.વી. પર બેશર્મીભરી સીરીયલો તથા ફિલ્મોનો દૌર એવો ચાલ્યો કે સાસુ, સસરા, વહુ, દીકરી, બેટા, દોસ્ત, નોકર....સૌ સંગાથે મજા માણતાં હોય છે ! તેમાંથી ઝિનાની બુરાઈ ફેલાય છે તો એવું બને છે કે, દોસ્ત જેવો દોસ્ત વહુ દીકરી પર હાથ મારી જાય છે ! અને ફજેતી થાય છે, એટલું જ નહીં એવા પણ પ્રસંગો બને છે કે સસરા–વહુ, સાસુ–જમાઈમાં વ્યભિચાર થતા હોય છે ! તૌબા તૌબા ! મુસલમાનો ! હવે તો સમજો અને ટી. વી. ને જાકારો આપો ! જેમણે કદી ફિલ્મનો પડદો જોયો ન હતો તેવા લોકો ઘરમાં ટી.વી. આવતાં રસીયા બની ગયા ! અને વ્યભિચારની બદી ફેલાવા માંડી.

**સસરાનું વાસના સાથે વહુને સ્પર્શવાનુ પરિણામ :–** જેવી રીતે દૂધ ભાઈ બહેનો વચ્ચે નિકાહ હરામ છે એવી રીતે જો સસરાએ વાસના સાથે વહુનો હાથ પકડયો અથવા બારિક ઓઢણી માથા પર હોવા છતાં પણ સસરાએ માથા પર હાથ મૂકયો અથવા વાસનાપૂર્વક તેણીના ગુપ્તાંગ તરફ

નજર કરી અથવા ગળે લગાડી કે ચુંબન કર્યું, માથા પર વાળોને સ્પર્શાયા **તો એ વહુ તેના પુત્ર માટે હમેશાં માટે હરામ થઈ ગઈ !** કે તલાક પછી ઈદ્દત પૂરી થતાં દિયર, જેઠની સાથે પણ નિકાહ નથી કરી શકતી. બલ્કે કોઈ બીજા સાથે નિકાહ થાય અને સોહબત પછી તે તલાક આપી દે અથવા મૃત્યુ પામે તો ઈદ્દત પછી પ્રથમ પતિ સાથે કે તેના ભાઈઓમાંથી કોઈની સાથે નિકાહ કરી શકતી નથી. જો કે સસરાએ વહુને ઈરાદાપૂર્વક પકડી તેમાં જાડુ કપડુ વચ્ચે આડુ હતું તો પણ મહાન ગુનોહ છે પણ વહુ પોતાના પતિ પર હરામ થશે નહીં.

**કોઈ સ્ત્રીને વાસનાથી સ્પર્શવાનું પરિણામ :–** એ જ પ્રમાણે જે સ્ત્રી સાથે વ્યભિચાર કર્યો અથવા વાસનાપૂર્વક ચુંબન કર્યું અથવા હાથ પકડયો અથવા સ્ત્રીએ જ એ બધુ કર્યું તો તે સ્ત્રીની માં અને તે સ્ત્રીની પુત્રી પણ કદાપિને પુરૂષ સાથે નિકાહ નથી કરી શકતી બલ્કે નિકાહ હરામ છે. એ જ પ્રમાણે વ્યભિચારીણી અથવા વાસના સાથે જેને બાઝી અથવા જે શખ્સનો હાથ જ પકડયો અથવા પુરૂષે જ એ બધુ કર્યું તો તે શખ્સના બાપ, દાદા અને તે શખ્સના પુત્રો કદાપિ તે સ્ત્રી સાથે નિકાહ કરી શકશે નહીં, બલ્કે નિકાહ હરામ છે.

**બાપનું બેટીને વાસનાપૂર્વક સ્પર્શવાનું પરિણામ :–** બાપે પોતાની દસ બાર વરસની કે બાલિગા પુત્રીના શરીર પર વાસનાના જઝબાપૂર્વક હાથ કેવળ ભૂલમાં પણ કયાંક રાખ્યો ભલે માથા પર જ અને વચ્ચે બારીક કપડુ આડમાં હોય છતાં **પુત્રીની માં તેના માટે હમેશાં માટે હરામ થઈ ગઈ !** એ જ પ્રમાણે માંએ જો પોતાના બાલિગ પુત્રને વાસનાપૂર્વક સ્પર્શી લીધો અને કોઈ જાડુ કપડુ પણ આડમાં ન હોય ભલે ભૂલમાં તો પણ તેનો પતિ એટલે કે બેટાનો બાપ તેણી માટે હમેશાં માટે હરામ થઈ ગયો. જો માં પુત્રને, બેટા માંને, બાપ બેટીને, સસરો વહુને અથવા વહુ સસરાને ઈરાદાપૂર્વક કે ભૂલથી અથવા ધોકાથી જાડા કપડાની આડ વિના વાસનાપૂર્વક સ્પર્શે અથવા વાળોને સ્પર્શે તો બાપ પર બેટા બેટીની માં અને તેના પતિ, દિયર, જેઠ સુધ્ધાં પર વહુ હમેશાંના માટે હરામ થઈ ગઈ. એ જ પ્રમાણે જમાઈ સાસુને કે સાસુ જમાઈને વાસના સાથે સ્પર્શે, પ્યાર વગેરે





કરે તો એ જમાઈ માટે સાસુની સર્વે પુત્રીઓ હમેશાં માટે હરામ થઈ જશે.

**હમેશાં માટે હરામનો મતલબ :–** જેવી રીતે સગાં ભાઈ બહેનનો નિકાહ થઈ નથી શકતો તેવી રીતે ઉપર જણાવેલ જુર્મમાં સપડાનારાંનો નિકાહ પણ હમેશાં માટે હરામ થશે. ભલે પછી તેઓ તલાક બાદ બીજે નિકાહ કરે ત્યાંથી તલાક થાય પછી ઈદ્દત પૂરી કરે તો પણ નિકાહ જે તે વ્યકિતઓ સાથે હમેશાં માટે થશે જ નહીં.

**ખુલાસો :–** વાસનાપૂર્વક જાડા કપડાની આડ વિના ઉપર દર્શાવેલ પ્રમાણે સ્પર્શવાથી પત્ની પતિ પર હરામ તો થઈ જશે પણ તલાક મેળવ્યા વિના સ્ત્રી કોઈ બીજા સાથે શાદી નથી કરી શકતી. આવું એટલા માટે છે કે સ્ત્રીઓ પછી તો ઈરાદાપૂર્વક પોતપોતાના પતિથી છૂટી થવા વાસનાપૂર્વક પોતાના પુત્રોને અથવા સસરાને સ્પર્શીને આઝાદી મેળવવાનું શરૂ કરી આપે ! એટલા માટે ઉપરોકત જુર્મ કર્યા પછી પણ પતિથી તલાક મળવાથી જ બીજે શાદી કરી શકશે. અને જાડા કપડાનો અર્થ એ છે કે જે વચમાં હોય તો એકબીજાના શરીરની ગરમ અનુભવી શકાય નહીં એટલુ જાડુ કપડુ.

★ ★ ★


## ઈસ્લામિક વેલ્ફેર મિશન

*(દયાદરા શાખા) દયાદરા, તા. જિ. ભરૂચ.*
*(હેડ ઓફીસ : નૂર સ્ટ્રીટ, નૂર હોલ, પ્રેસ્ટન–યુ. કે.)*

ત્રણ વર્ષથી શરૂ થયેલી આપની આ પ્યારી સંસ્થાનો મુખ્ય ધ્યેય **ગરીબ વસ્તીઓમાં મસ્જિદ–મદ્રસાના સંચાલનમાં શકય તે સહકાર કરી સુન્નિયતના પ્રચારને મહત્વ આપવાનો છે.** તો આપને સુન્નિયતની ખરી દીનની લાગણી હોય તો આપની **લિલ્લાહ, ઝકાત, સદકા, ફિતરા, ખૈરાત, કુર્બાનીની ખાલ** વગેરેની રકમો ઉપરોકત સરનામે ચેક, ડ્રાફટ કે મ. ઓ. થી રવાના કરવા વિનંતી છે. હાલ લગભગ ૧૪૦ મસ્જિદ–મદ્રસા સંચાલન હેઠળ છે અને ક્રમે ક્રમે બહુ જ ઝડપથી ભાર વધતો જઈ રહ્યો છે તો આપથી સહકારની અતિ ઉમ્મીદ છે કે સંસ્થાને પગભર બનાવવા દિલ ખોલીને સહાય મોકલશો.